Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुप्रेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयमायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठान भाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુ. ૨૭ મું. અષાડ. સંવત ૧૯૬૭. શાકે ૧૮૩૩. અંક ૪ થો.

## प्राचीन-अर्वाचीन जैन संक्षिप्त दिग्दर्शन.

( હરિગીત. )

મહાવીર ! તું ઉપકારી અંતિમ તારૂં શાસન રાજતું,
અજવાળું પ્રાચીન મુનિવરોએ પાડયું પૂર્વે ભ્રાજતું;
સર્વજ્ઞ તે કલિકાલ હેમાચાર્ય સિદ્ધર્ષિ થયા,
હીર સૂરિ, શુભ, વીર, વાચક, યશો, વિનય થઇ ગયા. ૧

ઉપરાંત કેઇ આચાર્યવર્યો, ઉપાધ્યાય મુનીશ્વરો,
તન મન વળી વચનથી સેવા, વીરની કરી સજ્જનો;
ઉપરાંત કેંકે કષ્ટ સહીયાં, પ્રાણ વ્હાલા આપીયા,
કેંકે કર્યો વળી અન્ય મતનો વિજયઘોષ એ ! સન્મિત્રા. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉજમાળ થાઓ વીર શાસન તત્ત્વને ફેલાવવા,
સઘળા પ્રપંચો દૂર કરી, નિજ આત્મને ખેલાવવા;
વીત્યો વિતંડામાં અનંતો કાળ, મહાશય ! જાણશો,
નહિં સાર કંઇ પણ કાઢવાનો, નક્કી મનમાં માનશો. ૩

નિજ કાર્યને આટોપી કરવી ઉન્નતિ નિજ આત્મની,
નિજ આત્મમાં પર ઉન્નતિ જ સમાયલી જિન ધર્મની;
જિન તત્ત્વનો આલ્હાદ હું કહું શું ? તમોને સજ્જનો !
ઐહિક ને વળી પારલૌકિક સાધ્ય સિદ્ધિ સાજતો. ૪

સ્યાદ્વાદ શૈલી સપ્ત ભંગી, છોડીને વીરશાસને,
નથી દ્રષ્ટિપાંથે કયાંઇ થાતી, ચિત્ર એ જિનશાસને;
આશ્રય તમે લ્યો ભવ્ય મા'નુભાવ તે પ્રભુ વીરનો,
છે એજ તારક ભવમહાર્ણવમાં કરે જો મ્હેર તો. ૫

વળી ભવ્ય ભાવે સેવના કરતાં થકાં નિજ પાતકો.
થાયે પલાયન છે નહિં સંદેહ તેમાં ભ્રાત ! ઓ !;
શ્રદ્ધા કરી ગુરૂ હેમચંદ્રે વીરવાણીમાં ખરી,
તો સ્વલ્પ ભવમાં મોક્ષના, અધિકારી કર્મો જીતવરી. ૬

માવજી દામજી શાહ. મુંબઈ.

---

# शांत सुधारस भावना.

લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી.

[ અનુસંધાન પૃષ્ટ ૪૨ થી ]

## " સાતમી આશ્રવ ભાવના. "

૧ જેમ સર્વ બાજુથી આવી પડતા પાણીના નિઝરણા વડે તળાવ તરત ભરાઇ જાય છે તેમ સતત આવતાં કર્મોવડે વ્યાપ્ત થયેલો જીવ વ્યાકુળ, ચંચળ અને પાપ-પંકથી ચીકણો થાય છે.

૨ જેટલામાં થોડુંક કર્મ અનુભવીને હું ક્ષય કરૂં છું કે તરત આશ્રવ શત્રુઓ સમયે સમયે તે કર્મને પુનઃ પાછા સિંચે છે. હા ! કષ્ટની વાત છે કે આ આશ્રવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શત્રુઓને મારે શી રીતે અટકાવવા ? અને હા ! હા ! આ અતિ ભયંકર ભવઅટવી થકી મ્હારો શી રીતે છુટકો થઇ શકે ?

૩ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ ( મન, વચન અને કાયા સંબંધી વ્યાપાર ) નામના ચાર આશ્રવો પંડિતોએ કહ્યા છે. એ પ્રગટ ચાર હેતુઓ વડે ભ્રમવશતઃ પ્રતિસમય કર્મ બાંધતા સતા જીવો પરિભ્રમણ કરે છે.

૪ ઇંદ્રિય, અવ્રત, કષાય અને યોગના ( અનુક્રમે ) પાંચ, પાંચ, ચાર, અને ત્રણ તેમજ ૨૫ ( પચીશ: ) અસત્ ક્રિયા મળીને આશ્રવોના ૪૨ ભેદ થાય છે.

૫ એવી રીતે આશ્રવોનું તત્ત્વ જાણી, શાસ્ત્રપરિચયથી તેમનું અસ્તિત્વ નિર્ધારીને વિરોધ રહીત તેમનો નિરોધ કરવામાં હે આત્મન્ ! તું સર્વ શકિતથી શીઘ્ર યત્ન કર.

## " સપ્તમ ભાવના અષ્ટક. "

૧ પુણ્યશાળી પંડિત પુરૂષોએ હૃદયમાં સમતા ધારણ કરીને આશ્રવો પરિહરવા યોગ્ય છે. કેમકે એ ( આશ્રવો ) અત્યંત ઉચ્છૃંખલ છતાં આત્માની શુદ્ધ-લક્ષ્મીનો લોપ કરવા સમર્થ થાય છે.

૨ કુગુરૂએ જોડેલા અને કુમતિથી પ્રેરાએલા એ આશ્રવો મોક્ષ માર્ગને તજી દુષ્ટ ક્રિયાવડે ઉલટા સંસારવૃદ્ધિને માટે અધિક યત્ન કરે છે.

૩ વિષયને વશ થયેલા વિરતિશૂન્ય જીવો આ લોકમાં તેમજ પરલોકમાં કર્મવિપાક જન્ય અવિચ્છિન્ન વિસ્તાર પામેલાં સેંકડો દુઃખોને સહ્યાં કરે છે.

૪ હાથી, મચ્છ, મધુકર, અને મૃગાદિક બાપડા પરિણામે વિરસ એવા વિષય-વિનોદમાં રસવડે વિવિધ વેદનાને સહન કરે છે. જ્યારે તે બાપડા એક એક ઇંદ્રિયના વિષયને વશ પડી વિડંબના પામે છે તો પાંચે ઇંદ્રિયોને આધીન બની રહ્યા છે તેમના કેવા હાલ હવાલ થશે ? એમ વિચારી વિચક્ષણ ભવભિરૂ જનોને વિષય-સુખમાં આસકત થવું ઘટતું નથી.

૫ વિષયને વશ થએલા પ્રાણીઓ કષાયથી વ્યાપ્ત બની ( મહાનરકાદિકમાં ) જાય છે અને નિશ્ચે અનંતી વખત જન્મ જરા અને મરણની ઘટમાળમાં ભમ્યા કરે છે.

૬ મન, વચન અને કાયાવડે ચંચળ થયેલા જીવો આકરાં પાપપંકથી ચોતરફ લેપાય છે. ( ચતુર ) માણસે આશ્રવનો જય કરવા યત્ન કરવો, બીજા કાર્યથી સર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ જો કે સંયમી જીવોના શુદ્ધ મન વચન કાયાના યોગો ( વ્યાપારો ) શુભ કર્મ ( પુણ્ય ફળ ) આપે છે તો પણ તેમને મોક્ષસુખના પ્રતિબંધક—સોનાની બેડી જેવાં જાણવાં, એટલે કે તેવાં શુભ કર્મમાં પણ મુંઝાવું નહિ, મુમુક્ષુ જનોએ સમસ્ત કર્મની નિર્જરારૂપ કેવળ મોક્ષજ શુદ્ધ સાધ્ય રાખવું.

૮ એવી રીતે આશ્રવ યુકત પાપનો વિરોધ કરવામાં બુદ્ધિને સ્થાપી શાંત સુધારસનું સતત ( અવિચ્છિન્નપણે ) પાન કરી કરીને હે આત્મન્ ! તું આનંદ પામ. !

## ઇતિ સપ્તમ ભાવનાર્થ.

## " આઠમી સંવર ભાવના. "

૧ હે આત્મન્ ! જે જે ઉપાયોવડે જરૂર આશ્રવનો રોધ થાય તે તે ઉપાય અંતરદ્રષ્ટિવડે વિચારી ઉલ્લસિત ભાવથી તું આદર.

૨ સંયમવડે વિષય અને અવિરતિનો નિગ્રહ કર, સમ્યક્‌ત્વવડે ખોટા હઠ કદાગ્રહનો નિરોધ કર અને ચિત્તની સ્થિરતાવડે આર્ત્તધ્યાન તથા રૌદ્ર ધ્યાનનો તું નિગ્રહ કર.

૩ ક્ષમાવડે ક્રોધને, નમ્રતાવડે અભિમાનને, અને ઉજ્વળ આર્જવ (સરલતા) વડે માયાને હણી નાંખ, તેમજ સમુદ્ર જેવા દુસ્તર લોભને ઉંચા સેતુ (પાજ) જેવા સંતોષવડે નિરૂંધી લે. મતલબ કે તે તે સદુપાયોવડે ક્રોધાદિક ચારે વિષમ કષાયોનો વિનાશ કર.

૪ વળી ત્રણ ગુપ્તિઓવડે જ દુર્જય એવા અધમ ત્રણ યોગ ( મન, વચન, કાયા) ને સત્વર (શીઘ્ર) જીતી લઇને સાધુ યોગ્ય સંવર માર્ગમાં તું પ્રબળ પ્રયત્ન કર! જેથી તું અખંડ અને ઉંચા પ્રકારનું હિત ( મોક્ષ–સુખ ) મેળવી શકીશ. ( એ વાત ચોક્કસ સમજ. )

૫ આવી રીતે શુદ્ધ હૃદયવડે આશ્રવોનો રોધ કર્યે છતે આપ્ત ( સર્વજ્ઞ ) વચનમાં શ્રદ્ધારૂપ શોભતા શ્વેત વસ્ત્ર ( સઢ–વાવટા ) વડે સુંદર અને મજબુત પ્રતિષ્ઠાન (સ્થંભ) વાળું જીવરૂપ જહાજ શુદ્ધ યોગરૂપ ચંચળ પવનવડે પ્રેરાયેલું છતું આ સંસારસમુદ્રના પ્રવાહને તરી મોક્ષ પુરીમાં જાય છે. મતલબ કે શુદ્ધ હૃદયથી સમસ્ત આશ્રવને રૂંધી, પવિત્ર જિનવચનમાં શ્રદ્ધાયુક્ત ખરો શ્વેતાંબર શુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " અષ્ટમ ભાવનાષ્ટક "

૧ હે આત્મન ! શિવસુખ મેળવી આપનાર સદ્‌ઉપાય તને જણાવું છું તે તું સાંભળ ! સાંભળ ! તારે નિર્દોષ જ્ઞાનાદિક પવિત્ર રત્નત્રયીનું ઉત્કૃષ્ટ આરાધન કરવું. ( આ પ્રમાણે કાળજી રાખવી. )

૨ હે ભવ્ય ! તું વિષયવિકારને દૂર કર, તેમજ ક્રોધ, માન, માયા અને લોભ રિપુને જલદી જીતી લઇ નિષ્કષાય થઇ સંયમગુણનું સેવન કર !

૩ ક્રોધરૂપી અગ્નિને શમાવવા મેઘસમાન ઉપશમ રસ ( શાન્ત-સમતારસ ) નું તું સદ્‌ભાવથી સેવન કર ! અને હે ભવ્ય ! તારા હૃદયમાં ધારી રાખેલા પર ( પુદ્‌ગલાદિ ) સંગને ટાળી ટાળીને તું વૈરાગ્યને ધારણ કર ! મતલબ કે સમતાવડે ક્રોધાગ્નિને ઠાર અને ખોટી મમતાને મૂકી વૈરાગ્યને આદર !

૪ હે ભદ્ર ! આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનું તું માર્જન કર, તેવા માઠા ધ્યાનનો પરિહાર કર, તેમજ સંકલ્પ વિકલ્પોની જાળને બાળી નાંખ. કેમકે મનને મોકળું મૂકવું એ જ્ઞાનીનો માર્ગ નથી. પરંતુ પ્રબળ યોગબળથી મનનો રોધ કરી નિર્વિકલ્પ સુખસમાધિ પ્રાપ્ત કરવી એજ હિતકર છે.

૫ સંયમ યોગવડે પ્રાપ્ત થયેલી મનશુદ્ધિથી કાયાને તું કૃતાર્થ કર ! મતલબ કે શુદ્ધ મનથી તપ જપ વ્રત નિયમોનું સેવન કરી સ્વદેહને સાર્થક કર, અને વિવિધ મતની રૂચિથી વ્યાપ્ત આ જગતમાં પ્રમાણ યુક્ત ( શુદ્ધ સનાતન ) માર્ગનો તું નિશ્ચય કર !

૬ ગુણગણને ધારણ કરતું (મહાગુણવાળું) નિર્મળ બ્રહ્મવ્રત ( બ્રહ્મચર્ય ) તું અંગીકાર કર, અને સદ્‌ગુરૂના મુખથી નીકળેલા સદુપદેશને પવિત્ર નિધાનની જેમ સાચવી રાખ ! જેમ નિર્ધન પોતાને પ્રાપ્ત થતા નિધાનની ઉપેક્ષા ન કરે તેમ સદ્‌ગુરૂના અપૂર્વ સદ્‌બોધની તું ઉપેક્ષા કરીશ નહિ.

૭ હે ભવ્યાત્મન્ ! સંયમને પુષ્ટિ આપનારા સર્વજ્ઞના વચનરૂપ પુષ્પના રસવડે તારા અધ્યવસાયને સુવાસિત કર ! અને જ્ઞાન ચરણ ( ચારિત્ર ) ગુણ પર્યાય લક્ષણવાળા ચેતન ( સ્વ આત્મા )ને તું સારી રીતે ઓળખી લે !

૮ જિનેશ્વર પ્રભુના ગુણ ગાઇ ગાઇ ને પવિત્ર રસનાયુક્ત વદનને તું અલંકૃત કર અને આ શાન્ત સુધારસનું વિનયયુક્ત પાન કરી કરીને હે ભવ્યાત્મન્ ! તું ચિરકાળ સુખી થા એટલે પરમાનંદમાં નિમગ્ન થા ! ઇતિશમ.

ઇતિ અષ્ટમ ભાવનાર્થ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " નવમી નિર્જરા ભાવના. "

૧ નિર્જરાના જે બાર પ્રકાર કહ્યા છે તે તપના ભેદથી સમજવા, કેમકે કારણ ભેદથી કાર્ય ભેદ લેખાય છે. સ્વતંત્રપણે તો નિર્જરા એકજ પ્રકારની છે.

૨-૩ કાષ્ટ અને પાષાણાદિક કારણોના ભેદોથી જેમ એક પ્રકારનો અગ્નિ પણ અનેક પ્રકારનો લેખાય છે, તેમ તપના ભિન્ન ભિન્ન પ્રકારથી નિર્જરા પણ બાર પ્રકારની કહી છે. પણ વસ્તુતઃ કર્મનિર્જરાસ્વરૂપ તો એકજ પ્રકારે છે.

૪ મોટા દુર્ધર પર્વતોને વિદારનાર વજ્રની પેઠે નિકાચિત કર્મને પણ તોડવામાં જે અતિ તીક્ષ્ણ છે તેવા અતિ આકરા અદ્દભૂત તપને અમારો નમસ્કાર છે.

૫ એ તપનો પ્રભાવ કેટલો કહીએ ? કે જેથી કઠોર કર્મવડે નિબિડ પાપવાળા એવા દ્દઢપ્રહારી જેવા પણ પાપનો ક્ષય કરીને શિઘ્ર શિવપદને પામેલા છે.

૬ જેમ પ્રજ્વલિત કરેલો અગ્નિ સુવર્ણના શુદ્ધ સ્વરૂપને પ્રકટાવે છે, તેમ તપ આત્માની સાથે લાગેલી કર્મરજનો સર્વથા ક્ષય કરીને આત્મજ્યોતિને પ્રગટાવે છે—આત્માને નિર્મળ કરે છે.

૭ પ્રસિદ્ધ એવા બહુ પ્રકારના બાહ્ય અને અભ્યંતર ભેદવાળા જે તપ વડે ખરી દ્દઢતાથી ભરત મહારાજાની પેરે બાહ્ય તથા અંતરંગ શત્રુવર્ગ જીતી શકાય છે, તથા જેનાથી પ્રગટ પ્રભાવવાળી અનેક લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રગટે છે તે સ્વર્ગ અને મોક્ષ સુખ આપવાને પ્રવીણ જગતવંદ્ય તપને હું સદા વંદું છું.

## " નવમ નિર્જરા અષ્ટક "

૧-૨ હે આત્મન્ ! તું તપનો મહિમા જો ! એથી બહુ ભાવ સંચિત પાપ જલદી હલકાં પડી જાય છે. જેમ પ્રબળ પવનના યોગે ઘાટી પણ મેઘઘટા વિખરાઇ જાય છે તેમ તપ વડે ( ગમે તેવી ઘાટી ) પાપપંક્તિ ક્ષણવારમાં વિસરાળ થઇ જાય છે.

૩ જે દૂર થકી પણ વાંછિત અર્થને ખેંચી લાવે છે, અને જેથી શત્રુ પણ મિત્ર થઇ જાય છે, તે આગમના પરમ રહસ્ય રૂપ તપને નિર્મળ ભાવથી તું ભજ !

૪ અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ ( નિયમિત ખાનપાનાદિક ), રસત્યાગ, સંલીનતા ( કુર્મ-કાચબાની પેરે અંગોપાંગને સંકોચી રાખવા તે ) અને કાયકલેશ ( જાણી જોઇને દેહદમન કરવું તે ),એવી રીતે છ પ્રકારનું ઉદાર બાહ્ય તપ કહેલ છે.

૫ પ્રાયશ્ચિત્ત ( દોષ શુદ્ધિ કરવી તે ), વૈયાવૃત્ય ( સંત સુસાધુ પ્રમુખની સેવા ચાકરી ) સ્વાધ્યાય ( શાસ્ત્ર પઠનાદિક ) વિનય ( [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાયોત્સર્ગ ( શરીરાદિક ઉપરની મુર્ચ્છાનો ત્યાગ ), અને શુદ્ધ ધ્યાન,એ છ પ્રકારના અભ્યંતર તપની હે આત્મન્ ! તું સેવા કર !

૬ કોઇ પણ પ્રકારની ઇચ્છા ( સ્પૃહા ) રહિત કરેલો તપ ( ત્રિવિધ ) તાપને શમાવે છે, પાપનો લય કરે છે, મન રૂપ હંસને આનંદ આપે છે, અને દુર્લંઘ્ય મોહને દૂર નિવારે છે.

૭ જે સંયમલક્ષ્મીને વશ કરે છે અને નિર્મળ શિવસુખને આપે છે તેવા ચિંતામણિરત્ન સદ્રશ તપની વારંવાર હે ભદ્ર ! તું આરાધના કર !

૮ હે આત્મન્ ! કર્મરોગને હણવા એ તપ ઔષધ સમાન છે. તેનું અને શ્રીજિનેશ્વર દેવે માન્ય કરેલ ગુણનિધાન એવા શાન્તસુધારસપાનરૂપ અનુપાનનું તું સેવન કર ! મતલબ કે જો તું કર્મરોગ ટાળવા ઇચ્છે છે તો વિશુદ્ધ તપ અને શાન્તસુધારસ ભાવનાનું સેવન કર !

## ઇતિ નવમ ભાવનાર્થ.

## " દશમી ધર્મ ભાવના. "

૧ દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ૪ પ્રકારનો જે ધર્મ જગતના હિત માટે જગતબંધુ જિનેશ્વર પ્રભુએ ઉપદેશ્યો છે, તે મારા મનમાં સદા વસી રહો.

૨ સત્ય, ક્ષમા, માર્દવ ( નમ્રતા ), શૌચ ( મનઃશુદ્ધિ પ્રમુખ ), સંગ ( ઇચ્છાનિરોધ તપ ), આર્જવ ( સરલતા ), બ્રહ્મચર્ય, નિર્લોભતા, સંયમ અકિંચનતા એ ચારિત્ર ધર્મ દશ પ્રકારનો કહ્યો છે.

૩-૪ જેના પ્રભાવથી જગતમાં વિશ્વોપકારને માટે સૂર્ય અને ચંદ્ર સદા ઉદય પામે છે, તેમજ ગ્રીષ્મ રૂતુના તાપથી અતિ તપ્ત થયેલી પૃથ્વીને [illegible] કાળે ઉદય પામેલો મેઘ શાન્ત કરે છે; વળી ઉંચા ચઢતા કલ્લોલની ક્રીડાવડે [illegible] પૃથ્વીને બોળી દેતો નથી, અને વાઘ, વાયુ અને અગ્નિઆદિક આકરો ઉપદ્રવ [illegible] નથી તે સર્વ ધર્મનોજ મહિમા સમજવો.

૫ કષ્ટકારી દશા ભોગવવાના સમયે જ્યારે પિતા, ભ્રાતા, માતા અને પણ અહિતને માટે ઉદ્યમ કરે છે, સૈન્ય હીન થઇ જાય છે, તેમજ ધનુષની [illegible] ચપળ ભૂજાબળ નિષ્ફળ થાય છે, ત્યારે આ ધર્મરૂપ સજ્જન સન્નદ્ધ બની જગતના રક્ષણને માટે પુરૂષાર્થવંત છતો સજ્જ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ જેના પસાયથી આ ચરાચર પદાર્થો સહિત સમસ્ત લોક વિજય પામે છે, જે આ લોક તેમજ પરલોકમાં હિતકારી છતો પ્રાણીઓને સર્વાર્થ સિદ્ધિને આપે છે અને જેણે પોતાના પરાક્રમથી ( પ્રાણીઓની ) અનર્થ કદર્થના દૂર કરી છે તે કરૂણાવંત ધર્મ મહારાજને ભક્તિથી મારો પ્રણામ હો !

૭ વિશાળ રાજ્ય, પ્રિય વલ્લભા, આનંદકારી પુત્રના પણ પુત્ર, સુંદર રૂપ, સરસ કવિતા કરવાની ચતુરાઇ, મધુરસ્વર, નીરોગતા, ગુણનો અભ્યાસ, સજ્જનતા, અને સુબુદ્ધિ એ બધો ધર્મરૂપ કલ્પવૃક્ષના જ ફળનો પરિપાક છે.

## " દશમ ધર્મ ભાવના અષ્ટક. "

૧ હે જૈન ધર્મ! મારૂં પાલન કર ! મંગળ કમળા ( લક્ષ્મી ) ને ક્રીડા કરવાના ઘર ! કરૂણાનિકેતન ( સ્થાન )! ધીર ! શિવસુખદાયિ ! ભવભયટાળક ! જગદાધાર અને ગંભીર એવા હે જિનધર્મ ! મારૂં પાલન કર ! પાલન કર ! ! !

૨ મેઘઘટા અમૃતમય જળથી ભૂમિતળને સિંચે છે, અને સૂર્ય ચંદ્રમા ઉદયને પામે છે, હે ધર્મ ! તે તારા મહિમાના અતિશય વડેજ છે.

૩ જેનાવડે આ આધાર વિનાની પૃથ્વી નિરાલંબ પણે ( અધર ) ટકી રહી છે, તે જગત્ મર્યાદાના મૂળ સ્થંભ રૂપ ધર્મને હું વિનય બહુમાનથી સેવું છું.

૪ દાન, શીલ, શુભ ભાવ અને તપ પ્રમુખથી જેણે લોકને કૃતાર્થ કરેલ છે તથા શરણ અને સ્મરણ કરનાર ભવ્ય જીવોના ભય અને શોકને જેણે દૂર કરેલાછે.

૫ ક્ષમા, સત્ય, સંતોષ અને દયાદિક જેનો સકળ પરિવાર ( જણાય ) છે, સુર, અસુર અને મનુષ્યો જેનું શાસન માન્ય કરે છે, તેમજ જેણે બહુ પેરે ભવભ્રમણ નિવારેલું છે, અર્થાત્ જે ભવભ્રાન્તિને ટાળવા સમર્થ છે.

૬ સહાય બંધુરહિતનો તું બંધુ છે. અને સહાયભૂત છે. ( નિષ્કારણ ) બંધુ એવા તારો સંગ તજીને જીવ ભયંકર ભવાટવીમાં (ભૂલો ) ભમે છે. મતલબ કે તારાવડેજ જ્યારે ત્યારે જેવા તેવા પણ ભવ્ય જનોનો ઉદ્ધાર થાય છે.

૭ તારી કૃપાથી અટવી નગર સમાન થઇ જાય છે, અગ્નિ જળ રૂપ થઇ જાય છે અને સમુદ્ર સ્થળ રૂપ થઇ જાય છે; બીજું વધારે કહેવાથી શું ? પણ તારી કૃપાથી સમસ્ત વાંછિત અર્થની સિદ્ધિ થઇ શકે છે.

૮ આ લોકમાં ઉત્તરોત્તર અધિક સુખને તુંજ આપે છે અને પરલોકમાં ઇન્દ્રાદિક ઉત્તમ પદ્વિઓ સમર્પે છે; તેમજ અનુક્રમે શિવસુખદાયક સમ્યગ્જ્ઞાન અને દર્શન તેમજ ચારિત્ર પ્રમુખ ગુણો પણ તુંજ બક્ષે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯ સર્વ શાસ્ત્રના નિચોળ સમાન! મોક્ષ મહેલના સોપાન ( સીડી ) સમાન ! અને વિનીત ( વિનયી ) જનોને શાન્ત સુધારસનું પાન કરાવવામાં પ્રવિણ એવા હે ધર્મ ! તું સદા જયવંતો વર્ત ! જયવંતો વર્ત !!

## ઇતિ દશમ ધર્મભાવનાર્થ.

## " અગ્યારમી લોકસ્વરૂપ ભાવના. "

૧ નીચે નીચે જતાં વિસ્તાર પામેલી છત્રાકારે રત્નપ્રભાદિક જે સાત પૃથ્વીઓ છે તેનાથી પરિપૂર્ણ સસ રજ્જુ પ્રમાણ જે અધોલોક તે રૂપી જેના બે પહોળા પગ છે, ( અસંખ્યાત યોજન પ્રમાણ એક રજ્જુ સમજવું. )

૨ જેના મધ્યમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર વડે વ્યાપ્ત એક રજ્જુ પ્રમાણ વિસ્તારવાળો તીર્છો લોક છે, જેનો જ્યોતિશ્ચક્ર રૂપ કાંચી કલાપે યુક્ત-કૃશતાથી શોભિત કંદોરો છે,

૩ અને ઉર્ધ્વલોકમાં બ્રહ્મદેવલોક પર્યંત પાંચ રજ્જુ પ્રમાણ જેના બે હાથની કોણીયો વિસ્તરેલી છે, તથા એક રજ્જુ પ્રમાણ વિસ્તાર પામેલ લોકના અંતરૂપ સિદ્ધિજ્યોતિથી શોભિત જેનો મુકુટ છે,

૪ વૈશાખ સ્થાનક જેવા જેના સ્થાયિ ચરણ છે, બન્ને હાથ જેણે કેડ ઉપર રાખેલા છે, અને અનાદિ કાળ થયાં જે સદાય ઉંચો દમ રાખીને ઉભો છતાં ખેદ રહિત શાન્ત મુદ્રાને ધારણ કરી રહેલો છે,

૫ તે આ ષડ્દ્રવ્યાત્મક અનાદિ અનંત સ્થિતિવાળો અકૃત્રિમ લોક નામે પુરૂષ જાણવો. તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, જીવ, અને પુદ્ગળોવડે સર્વ સ્થળે પરિપૂર્ણ વ્યાપ્ત છે.

૬ નિયતિ ( ભવિતવ્યતા ) વડે, કાળ ઉદ્યમ અને સ્વભાવાદિક ભાવ યોગે કર્મરૂપ વાજિંત્રની સહાયથી નચાવેલા હોવાથી અનેક રૂપે કરી નાચતા જીવોને અને પુદ્ગલોની આ ( સંપૂર્ણ લોકપુરૂષ ) રંગભૂમિ છે.

૭ એ પ્રમાણે વિવેકથી લોકનું સ્વરૂપ વિચાર્યે છતે વિજ્ઞાનવંતને ચિત્તસ્થિરતાને માટે થાય છે અને ચિત્ત સ્થિર થયે છતે આત્મહિત કરી અધ્યાત્મ-સુખની પ્રાપ્તિ સુખે ( સુલભ ) થાય છે.

## " એકાદશ લોકસ્વરૂપ ભાવના અષ્ટક. "

૧ હે આત્મન ! તું તારા હૃદયમાં શાસ્વત લોકાકાશનો વિચાર કર ! જેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ જે અસંખ્ય યોજન પ્રમાણવાળું અને અલોકથી પરિવેષ્ટિત છતું શોભી રહ્યું છે. તેમજ ધર્માદિક પંચાસ્તિકાય વડે જેની મર્યાદા સારી રીતે અંકિત થયેલી છે.

૩ કેવળી સમુદ્દ્ઘાત વખતે કેવળી ભગવાન પોતાના સમસ્ત આત્મ પ્રદેશથી જેને પૂર્ણ ભરી દે છે અને જે જીવ અને પુદ્ગલ સંબંધી વિવિધ ક્રિયાના ગુણ ગૌરવનું સ્થાન છે. મતલબ કે જેમાં જીવ અને પુદ્ગલોની ક્રિયા બની રહી છે.

૪ તે લોકાકાશ એક રૂપ છતાં પુદ્ગલો વડે જેમાં વિવિધ ફેરફાર કરાયેલા છે. કોઇક સ્થળે તે મેરૂ ગિરિના શિખરવાળું ઉન્નત છે અને કવચિત્ વળી નીચી પડેલી ગર્તા ( ખાડ ) વાળું ( નીચું ) છે.

૫ કોઇક સ્થળે દેવતાઓનાં મણિમય મંદિરો વડે અધિકાધિક શોભાવાળું છે. અને કવચિત મહાઅંધકારમય નર્કાદિકવડે અતિ ભયંકર છે.

૬ કવચિત્ જય મંગલના નાદથી વ્યાપ્ત ઉત્સવમય ઉજ્વળ જણાય છે અને કવચિત્ બહુ મોટા શોક વિષાદ યુકત ભારે હાહાકારવાળું જણાય છે.

૭ અનંતી વાર જન્મ મરણ કરનારા સમસ્ત જીવોવડે મમતાથી ભરઝર કરવાથી જે બહુ પરિચિત છે.

૮ એવા આ લોકાકાશ ( સંસાર ) માં પર્યટન કરવાથી કંટાળેલા હે ભવ્ય જનો ! તમે વિનય પૂર્વક શાન્ત સુધારસનું પાન કરી ત્રાણશરણદાયક ભગવંતને પ્રણામ કરો. !

## ઇતિ એકાદશ લોકસ્વરૂપ ભાવનાર્થ.

---

## બારમી બોધિ દુર્લભ ભાવના.

૧ હે વિશાળ બુદ્ધિવંત જનો ! જેના પ્રભાવથી દેવતાઓ પણ વિસ્મય પામે એવી સ્વર્ગસંપદાનો વિલાસ પ્રાપ્ત થાય અને તેવી સંપદાથી ઉલ્લસિત છતાં જેથી પુનઃ વિશાળ ભોગવાળા કુળમાં પાછો જન્મ મળે એવાં અસાધારણ (અનુપમ) અને પરમાત્મ સંબંધી પરમ પદવી પ્રાપ્ત કરી આપનારાં બોધિ રત્નને તમે સેવો !

૨ અનાદિ નિગોદરૂપ અંધકૂપમાં રહેનારા અને જન્મ મરણના દુઃખથી સદાય પીડિત થયેલા જીવોને તેવી પરિણામની શુદ્ધિ કયાંથી થાય ! કે જેનાવડે તે નિગોદ રૂપ અંધકૂપમાંથી નીકળવા પામે !

૩ (ભાગ્ય યોગે) તેમાંથી નીકળેલા જીવોને પણ પ્રથમ તો સ્થાવરપણું પ્રાપ્ત થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ પંચેંદ્રિયપણું, સંજ્ઞીપણું, સ્થિર (દીર્ઘ) આયુષ્ય અને મનુષ્યપણું પ્રાપ્ત થવું તે તો ઘણુંજ દુર્લભ છે.

૪ તેવું મનુષ્યપણું પામીને પણ મહામોહ, મિથ્યાત્વ અને માયાથી વ્યાપ્ત થયેલો મૂઢ પ્રાણી ભૂલો ભમતો સતો સંસારરૂપ અગાધ ખાડામાં પડીને એવો તે નિમગ્ન થઇ જાય છે કે તે ફરીને બોધિરત્નને શી રીતે મેળવી શકે ?

૫ આ દુઃષમકાળમાં જ્યારે અનેક જુદા જુદા પંથો વર્તે છે, પગલે પગલે કુયુક્તિના અભ્યાસથી નિજ નિજમત વધારવાના રસિયા એવા અનેક મતવાદીઓ અને દેવતાઓ પણ જ્યારે (તથાપ્રકારની યોગ્યતાવિના) સહાય કરતા નથી, તેમ કોઇ પ્રબળ ( લબ્ધિસિદ્ધિ પ્રમુખ ) અતિશય નજરે પડતો નથી ત્યારે–તેવે સમયે જે ધર્મમાં અતિ દ્રઢ છે તેજ ખરો પુણ્યાત્મા છે.

૬ જ્યાં સુધી આ દેહ રોગ ગ્રસ્ત થયો નથી, તેમજ જરા અવસ્થાથી જર્જરિત થયો નથી, જ્યાં સુધી બધી ઇંદ્રિયો સ્વ સ્વ વિષય સંબંધી જ્ઞાનને ગ્રહણ કરવા સમર્થ છે, અને જ્યાં સુધી આયુષ્ય અખંડ છે ( તૂટ્યું નથી ) ત્યાં સુધી સુજ્ઞ જનોએ આત્મહિત કરવા ઉદ્યમ કરવો જોઇએ; પણ સરોવર ફૂટીને જલ વહી ગયા પછી પાળ બાંધવી શું કામની ? મતલબ કે ચેતવું હોય તો હમણાં ચેતી લ્યો. ઘર બળ્યા પછી કૂવો ખોદવો નકામો છે, હમણાં નહિ ચેતો તો પછી બહુ પસ્તાશો.

૭ રોગાદિક અનેક ઉપદ્રવો દેહને નડે છે અને આયુષ્ય પાણીના પરપોટાની પેરે ક્ષણવિનાશી છે. તો પછી કઇ વસ્તુ ઉપર વિશ્વાસ રાખીને મૂઢ જનો આત્મહિત સાધી લેવામાં વિલંબ કરે છે ?

## દ્વાદશ બોધિદુર્લભ ભાવના અષ્ટક.

૧ હે આત્મન્ ! સમુદ્રના ઉંડા જળમાં પડી ગયેલા ચિંતામણિ રત્નની પેરે બોધિરત્ન ( સમ્યક્ત્વ રત્ન, વીતરાગ દર્શનની પ્રાપ્તિ ) અતિ દુર્લભ છે એમ સમ્યગ્ સમજ ! અને બોધિરત્નની દુર્લભતા સમજીને તેનું સમ્યગ્ આરાધન એમ કરીને જૈનશાસન પામી સ્વહિત સાધી લે અને આત્મશક્તિથી દુર્ગતિને ફેડી દે.

૨ નિગોદાદિકની અનંતી કાયસ્થિતિવડે બહુજ વિશાળ અને મોહ મિથ્યાત્વાદિ પ્રમુખ લાંબા ગમે ચોરોથી વ્યાપ્ત એવા આ અતિભયાનક ભવારણ્યમાં ભૂલા પડેલા જીવોને ચક્રવર્તીના ભોજનની પેરે નરભવ મળવો અતિ મુશ્કેલ છે.

૩ આ લોકમાં અનાર્ય દેશમાં નરભવ પ્રાપ્ત થયો હોય તો તે ઉલટો અનર્થકારી થાય છે. કેમકે તે જીવહિંસાદિક પાપને પુષ્ટિકારી વ્યસનોનાં સેવનથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમઃતમા નામની સાતમી નર્કપ્રમુખ નીચ માર્ગે લઈ જનાર થાય છે. મતલબ કે અનાર્ય દેશમાં અનાર્ય પ્રવૃત્તિ કરનાર જરૂર નીચી ગતિમાં ઉતરી જાય છે. એ વાત આર્ય દેશમાં ઉત્તમ માનવ ભવની દુર્લભતા સિદ્ધ કરી આપે છે.

૪ આર્ય દેશમાં રહેનાર અને ઉત્તમ કુળમાં અવતાર લેનારને પણ ધર્મતત્વ જાણવાની ઇચ્છા થવી દુર્લભ છે. કારણકે મૈથુન, પરિગ્રહ, ભય અને આહાર સંજ્ઞારૂપ પીડાથી જગત્ દુર્દશામાં ડુબી ગયું છે.

૫ તત્વ જાણવાની ઇચ્છા થયા છતાં વિકથાદિકના રસમાં લુબ્ધ થવાથી અનેક પ્રકારના વિક્ષેપવડે મન મલીન હોય છે, તેથી ગુરૂનો યોગ મળ્યો હોય તોપણ ધર્મશાસ્ત્રનું શ્રવણ થવું અતિ દુર્લભ છે, મતલબ કે વિકથાદિક પ્રમાદ ધર્મશ્રવણ કરવામાં પ્રતિબંધક થાય છે.

૬ ધર્મ શ્રવણ કરી, બરાબર સમજી, ધર્મસેવનમાં ઉદ્યમ કરનારને પણ સુકૃતનો લોપ કરી નાંખનારા રાગ, દ્વેષ ખેદ, ( પરિશ્રમ ), આળસ અને નિદ્રાદિક અંતરંગ વરીઓ બાધ કરે છે. મતલબ કે તે ધર્મસેવનમાં સ્ખલના ઉપજાવે છે.

૭ અહો ! આત્મન્ ! ચોરાશી લાખ જીવાયોનિમાં ભમતાં તેં ધર્મની વાર્તા ક્યાં સાંભળી છે ? પ્રાયઃ જગતના જીવો ઋદ્ધિગારવ, રસગારવ, અને શાતાગારવથી પીડાયા છતા પરસ્પર વિવાદજ કર્યા કરે છે. ( ધર્મ સેવન કરતા નથી. )

૮ એવી રીતે અત્યંત દુર્લભ અને સકળ ગુણના આધાર રૂપ બોધી રત્ન પામીને ગુરૂ મહારાજ પ્રત્યે કરવામાં આવતા ભારે વિનયની પ્રસાદીરૂપ ઉત્તમ શાન્ત સુધારસનું તમે પાન કરો !

### ઇતિ બોધિ દુર્લભ ભાવનાર્થ.

# गतवर्षना मुखपृष्ठपरना श्लोकनुं सविस्तर विवेचन.

( અનુસંધાન પૃષ્ટ ૪૯ થી )

## સાધુ સેવા.

સુક્તમુક્તાવળીકાર શ્લોકના બીજા પાદમાં જણાવે છે કે " સત્ ચારિત્રવડે વિભૂષિત-સુશોભિત એવા મુનિરાજોની સદા સેવા કરવી. " શ્રાવકોનું વિશેષણ પ્રથમ પાદમાં સૂચવેલ છે એટલે આ પાદમાં માત્ર સાધુના વિશેષણો કહેવામાં આવેલ છે. આજકાલ સાધુનામધારક મનુષ્યો આ દુનિયામાં અસંખ્ય ગણી આવે છે, પરંતુ સચ્ચારિત્રથી વિભૂષિત થયેલા સેવવા યોગ્ય સાધુ જનો તો વિરલાજ નજરે પડે છે. શ્રીમાન આનંદઘનજી મહારાજ કહે છે કે 'મંદ મંદાવત અબાણી ગાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રોયાં, હરિણુ રોઝ બીનું નામ ધામ** ' માત્ર માથું મુંડાવી ભગવાં કપડાં પહેર્યા થી સચ્ચારિત્ર રહિત મનુષ્યો આપણી સેવાને–પૂજાને પાત્ર થતા નથી. જૈન શાસ્ત્રકારોએ સાધુવર્ગને પાળવા યોગ્ય નિયમો એટલા બધા સખ્ત રાખ્યા છે અને તે વિષયમાં લેશમાત્ર શિથિલતા એટલી બધી ધિક્કારને પાત્ર ગણવામાં આવેલ છે કે તેવા નિયમો વિગેરે અન્ય કોઈ પણ ધર્મમાં નજરે પડે તેમ નથી. આ સંબંધમાં જૈનસાક્ષર મિત્ર રા. રા. મોતીચંદ ગીરધર કાપડીઆ પ્રકાશીત અધ્યાત્મકલ્પદ્રુમ માંહેના યતિશિક્ષાના વિષય ઉપરનું વિવેચન ઘણોજ સારો પ્રકાશ પાડે છે. યોગ્ય સાધુજનોની સેવાજ ખરી લાભદાયી થાય છે અને તેથી તેવા પ્રકારની સેવા કરવાની અભિલાષા રાખવાવાળાઓએ તે ખાસ મનન પૂર્વક વાંચવાની જરૂર છે. ચારિત્રહીન માત્ર વેષધારી સાધુની સેવા કરનાર તેમજ કરાવનાર બંને અધોગતિમાં જાય છે. આ સંબંધમાં આધુનિક સ્થિતિ જોતાં ભવિષ્યની સ્થિતિનો સંપૂર્ણ વિચાર કરીનેજ મુનિશ્રી સત્યવિજયજી પન્યાસે શ્રી યશોવિજયજીની સહાયથી ક્રિયા ઉદ્ધાર કર્યો હશે એમ સમજાય છે. અને હાલ પણ કેટલાએક વિદ્વાન્ લેખકો તરફથી કહેવામાં આવે છે કે 'તીર્થંકરને પણ પૂજ્ય ચતુર્વિધ સંઘ—સમુદાય તરફથી સાધુ સાધ્વીઓની સારી સ્થિતિ જળવાઈ રહેવા માટે યોગ્ય ઉપાય નહિ લેવામાં આવે તો ભવિષ્યમાં કેવી સ્થિતિ થઇ પડશે તે કહી શકાતું નથી.' તકરારની ખાતર અન્ય ઉત્તમ ગુણોની વાત એક બાજુ ઉપર રાખીએ પરંતુ આ સમયમાં ચતુર્થવ્રત પણ અખંડ ધારાએ જેઓ પાળી શકતા નથી તેમને તો ઉઘાડા પાડી તેમનો સર્વથા બહિષ્કાર કરવો યુક્ત છે.

જૈનસમાજમાં દૃષ્ટિગત થતા હાલના સાધુ જનોના ગુણ દોષ ઉપર વિસ્તારથી વિવેચન કરવાનો આ પ્રસંગ નથી. એટલુંજ નહિ પણ હાલમાં કેટલાએક ડોળઘાલુ લેભાગુ લેખકો તરફથી પોતાની યોગ્યાયોગ્યતાનો વિચાર કર્યા સિવાય જૈન સમુદાયમાં અગ્રસ્થાન રોકતા સાધુ જનો તરફ કંઈક દ્વેષ બુદ્ધિથી–કંઈક પોતાની ગૃહસ્થ તરીકેની સ્થિતિની ઉત્તમતા પ્રતિપાદન કરવાની અયોગ્ય લાલચના વશવર્તીપણાથી, કેટલા ખડયા સાધુઓના અઘટિત વર્તનથી દોરવાઇ જઇ આખા સમુદાયને ઉતારી પાડનારા અયોગ્ય લેખો પ્રકટ કરવામાં આવે છે તેમના તરફ ધિક્કાર બતાવવાની આવશ્યકતા છે. ' યતિ શિક્ષા ' ઉપરનું રા. રા. મોતીચંદનું સવિસ્તર વિવેચન જોતાં સાધુ સમુદાયના સંબંધમાં જૈન ગૃહસ્થોને લખવાનો બીલકુલ અધિકાર નથી એમ કદાચ જુના વિચારના (Conservative) ધર્મચુસ્ત પુરૂષો તરફથી કહેવામાં આવે તો તે જૈન સમાજની પ્રત્યેક વ્યકિત મુંગે મોડે કબુલ રાખે એવો સમય હવે ચાલ્યો ગયો છે. છતાં પણ કહ્યા વગર ચાલતું નથી કે તે વિષયના લેખકોએ આ પરર વચનનો તેમજ વિચાર સ્વાતંત્ર્યના જમાનાનો અયોગ્ય રીતે લાભ નહિ લેતાં પ્રસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાવચેતી રાખવાની જરૂર છે. તેઓએ યોગ્ય સાધુ જનો તરફ કિંચિત્ પણ અવિનિત ભાવ પ્રકટ કરનો જોઇએ નહિ. એકાદ બે અપવાદ રૂપ દાખલા આગળ ધરી સમસ્ત સાધુ વર્ગની નિંદાવાળા લખાણોને પ્રગટ થતા શ્રી સંઘે અટકાવવા જોઇએ.

અસિધારા ઉપર ચાલવા રૂપ સાધુધર્મનું યથાર્થ સેવન કરનારાઓ સર્વ કોઈને શિરસા વંદ્ય છે. તેમના ઉત્તમ ચારિત્રની છાપ આપણા હૃદયપટ ઉપર પડી તેમનો સદ્ઉપદેશ આપણને પરમ મોક્ષ માર્ગ તરફ દોરે છે. સુસાધુ જનો પ્રત્યેનો વિનય-તેમની ભકિત-વૈયાવચ્ચ એ એક પ્રકારનો ઉત્કૃષ્ટ અભ્યંતર તપ હોઈ કર્મની નિર્જરા કરવામાં મુખ્ય સાધનભૂત થાય છે. મહંત જનોની કિંચિત્ માત્ર સેવા કોઇ દિવસે પણ નિષ્ફળ જતી નથી. સજ્જન-સાધુ પુરૂષના સતસંગથી કંઇપણ કાર્ય અસાધ્ય રહેતું નથી. સત્સંગતિ અનેક પ્રકારના લાભો મનુષ્યને પ્રાપ્ત કરાવે છે. આ સંબંધમાં મહાન્ કવિ ભર્તૃહરિ કહે છે કે—

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं, मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं, सत्संगतिः कथय किं न करोति पुंसाम्॥१॥

"જેને લીધે બુદ્ધિની જડતા દૂર થાય છે, વચનમાં સત્યતા આવે છે, માન વૃદ્ધિ પામી ફેલાય છે, ચિત્ત પ્રસન્ન થાયછે અને સર્વ પાપ દૂર થાય છે, સર્વ દિશાઓમાં કીર્તિ પ્રસરે છે, તેવી સજ્જનની સોબત મનુષ્યને શું લાભ કરી શકતી નથી?"

संतप्तायसि संस्थितस्य पयसो नामाऽपि न ज्ञायते
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।
स्वात्यां सागरशुक्तिमध्यपतितं तन्मौक्तिकं जायते
प्रायेणाधममध्यमोत्तमगुणाः संसर्गतो जायते ॥

"ખુબ તપેલા લોઢા ઉપર પાણીનું બિન્દુ પડતાં વેંતજ તેનો નાશ થાય છે, તેજ બિન્દુ કમળની પાંખડી ઉપર પડ્યું હોય તો સુંદર મોતીની માફક શોભે છે અને વળી (આસો મહિનાની પુનમે) સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રમાં રહેલી છીપની અંદર પડે તો તેનું સુંદર મોતી નિપજે છે;તેમજ એકજ માણસમાં નીચ,મધ્યમ અને ઉત્તમ ગુણ આવવા તે તેવી તેવી સોબત ઉપરજ આધાર રાખે છે."

પારસમણિ કરતાં પણ સત્સંગતિ-સાધુ સેવા ચ્હડે છે. પારસમણિ માત્ર જડ લોહને સુવર્ણ બનાવે છે ત્યારે સાધુ સેવા મનુષ્યોને પોતારૂપ(સાધુરૂપ)અને કવચિત પોતાથી પણ ચ્હડતા દરજ્જાના બનાવે છે.

આધુનિક સમયમાં સાધુજનોની સેવા કરવાની ઇચ્છા થતાં આપણ પામરજનોને ઘણી વખત તેનો લાભ મળવો દુર્લભ થઇ પડે છે. નાના ગામડામાં વસતા જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઇઓને ચતુર્માસ પર્યંત સાધુ સેવાનો લાભ મળવાની વાત તો એક બાજુ ઉપર રહી પરંતુ આખા વર્ષ દરમીયાન એક વખતે પણ વરસોના વરસો સુધી સાધુ સમાગમનો લાભ મળતો નથી. સાધુઓ માત્ર મોટા મોટા શહેરોમાં વિહાર કરી કાળ નિર્ગમન કરે છે.

હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં વસતા જૈન ભાઇઓને તેમજ અન્ય ધર્મીઓને તેમના સદુપદેશનો લાભ બીલકુલ મળતો નથી. જૈન બંધુઓ સ્વધર્મમાં દૃઢ થવાને બદલે ધીમે ધીમે અન્યધર્મીઓના રીત રીવાજો ને પર્વો પાળતા થાય છે અને આખરે વખત જતાં શ્રાવકપણું ગુમાવી બેસે છે. અન્ય ભાઇઓને પણ જૈનધર્મનું ખરું સ્વરૂપ સમજાવવા માટે સાધુ જનો તરફથી પ્રસંગ હાથ ધરવામાં આવતો નથી. વિદેશીય તેમજ આ દેશના વિદ્વાન વર્ગમાં જૈનધર્મ સંબંધી જે પ્રાથમિક વિચાર બંધાઇ ગયેલ છે તેથી તેઓ એટલા બધા વાસિત (Prejudiced) વિચારના દૃષ્ટિગત થાય છે કે સ્યાદ્વાદ મતનું ખરું સ્વરૂપ નહિ સમજતાં તેઓ જૈન સિદ્ધાંતોને ખોટા સ્વરૂપે રજુ કરે છે. તેમની માન્યતા ઉપર સાધુ જનોએ દાખલા દલીલ પૂર્વક વિવેચન કરી સારી અસર ઉપજાવી તેને ફેરવવાની જરૂર છે. આવા સંજોગો છતાં આ દિશામાં જ્યાં સુધી જૈન મુનિઓ તરફથી પ્રયાસ કરવામાં આવતો નથી ત્યાં સુધી જૈન શાસનની ઉન્નતિની આશા કયાંથી રાખી શકાય ? સાધુઓ ઉગ્ર વિહાર કરવા કટીબદ્ધ થતા નથી ત્યાં સુધી લોકોને ઉપગાર શી રીતે થઇ શકે ? સાધુઓના વિહાર સંબંધમાં વિશેષ લખવાનો અત્ર પ્રસંગ નથી, માટે એટલુંજ લખી સંતોષ રાખવો પડે છે કે સહેજ કષ્ટ વેઠીને પણ જૈન ધર્મના વિશેષ પ્રચાર માટે સાધુઓએ જૈનોની વસ્તીવાળા સર્વ પ્રદેશમાં વિચરવાની જરૂર છે અને જૈન ભાઇઓએ તેમના વિહાર દરમ્યાન તેમની દરેક પ્રકારની અનુકુળતા સાચવવા તરફ ધ્યાન આપવાની જરૂર છે. ગમે તેટલી ઉંચી હદે પહોંચેલ, ગૃહસ્થ ધર્મમાં રહેલ મનુષ્ય કરતાં ચારિત્રવાન્ સાધુપુરૂષ અનેક ગણો લાભ કરવાનું સામર્થ્ય ધરાવે છે અને દેશ કાળ અનુસાર સમય વર્તી મુનિ જનો ધાર્મિક ઉન્નતિ માટે યોગ્ય પ્રયાસ કરે તો ઘણોજ લાભ થવા સંભવ છે.

પંડીત શ્રી વીરવિજયજીના શબ્દોમાં કહીએ તો ગુણગ્રાહી પુરૂષોએ દેશકાળ પ્રમાણે શુદ્ધ વર્તનવાળા સાધુજનોની સેવાનો અવશ્ય લાભ લેવાનો છે. વિદ્વાન્ સાધુઓના પ્રસંગમાં અવાર નવાર આવી ધાર્મિક અભ્યાસમાં આગળ વધવાની જરૂર છે. આજકાલ સ્વતંત્ર રીતે ધર્મનું જ્ઞાન મેળવવાનો પ્રચાર વ્યવહારિક રીતે કેળવાયેલ વર્ગમાં એટલો બધો વધી પડયો છે અને તેના પરિણામે સાધુઓ તરફ એવા પ્રકારનો ઉપેક્ષા ભાવ દર્શાવવામાં આવે છે કે તેના ઉપર કંઇક અંકુશ મૂકાવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાર્મિક સિદ્ધાંતોનું ગહન સ્વરૂપ, પારિભાષિક શબ્દોનું યથાર્થ જ્ઞાન, સ્યાદ્વાદ મતને માન્ય સપ્ત ભંગી અને સપ્ત નયનો બોધ, ગુરૂગમ વિના-વિદ્વાન સાધુની સહાય વગર યથાર્થ રીતે થવો અશક્ય છે. માત્ર પુસ્તકો વાંચવાથી અનેક શંકાઓ ઉદ્ભવે છે, તેનું સમાધાન થયા વગર ધર્મમાર્ગમાં દિશાશૂન્યતા લાગે છે. અત્ર જણાવવું જોઇએ કે, ધર્મનું સામાન્ય જ્ઞાન મેળવી મોટી મોટી વાતો કરતાં આવડી અને ભાષણો આપતાં શિખ્યા તેથી કંઇ સાધુધર્મ પાળનાર મુનિની માફક વંદનને યોગ્ય થઇ શકાતું નથી. અતિશય જ્ઞાનવાન હોય, પ્રખર વક્તા હોય, અગર તો અસરકારક ધર્મોપદેષ્ટા હોય છતાં પણ ગૃહસ્થ હોય તો તે ગૃહસ્થને યોગ્ય માનને લાયક છે પરંતુ સાધુની માફક વંદનાને પાત્ર નથી. તત્ત્વવિદ્યાની માત્ર વાતો કરવાથી શુદ્ધ ચારિત્રવાન્ થઇ શકાતું નથી. મિત્રવર્ગમાંથી-આપણા તરફ રાગદૃષ્ટિએ જોનારાઓમાંથી-આપણા તરફ કોઇ સામાન્ય ગુણથી આકર્ષાયેલ વર્ગમાંથી કોઇને શિષ્ય તરીકે આગળ પાડી તેની મારફતે આપણા ગુણોની બિરૂદાવલિ બોલાવવાથી-મુગ્ધ, દૃષ્ટિરાગથી અંધ થયેલા જનો પાસે પોતાની પૂજા ભક્તિ કરાવવાથી કંઇ સાધુદશા પ્રાપ્ત થઇ શકતી નથી.

ગૃહસ્થ ધર્મમાં રહેલ મનુષ્ય ગમે તેટલા માનને પાત્ર હોય પરંતુ તે સત્ ચારિત્રવાન સાધુને જે માન મળવું જોઇએ તેના કરતાં વધારે કે તેટલાં માનને લાયક નથી. દ્રવ્ય કમાવાની લાલચ-કીર્તિનો લોભ-અભિમાન દશા કોઇ કોઇ વિદ્વાન જનોને ક્વચિત એવે આડે માર્ગે દોરી જાય છે કે તેઓ પોતે પોતાને સાધુ કરતાં પણ વધારે ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા માની બેસે છે. આજકાલ જૈનેતર ધર્માવલંબીઓમાં કેટલાએક પોતાને ધર્મના પુનરૂત્થાન માટે અવતાર ધારણ કરેલ યોગી-માહાત્મા મનાવી, પોતાનું માહાત્મ્ય વધારનાર શિષ્યવર્ગ જમાવી, શ્રી રણછોડરાય આદિ દેવ દેવીઓનો સાક્ષાત્કાર થયાનું જાહેર કરી, નવીન પંથ કાઢી દ્રવ્ય-કીર્ત્તિ મેળવવા માટે અનેક ઉપાયો યોજે છે. ભક્તો પાસે ચાકરી કરાવી ભક્તાણીઓ પાસે ચામર ઢોળાવી અનેક પ્રકારનો વૈભવ ભોગવવા ઉપરાંત નિરંકુશીત મોજશોખ જન્ય અનાચારને સ્થાન આપે છે, તેમની માફક જૈનસમુદાયમાં પણ તેવા પુરૂષો ઉદ્ભવવા પામે નહિ તેને માટે સાવચેતીના ઉપાયો લેવાની ઘણી જરૂર છે. આ પ્રકારનો અનિષ્ટ નવીન વર્ગ ઉદ્ભવતાં તેને યોગ્ય ઉપાયોથી એકદમ દાબી દેવાની આવશ્યક્તા છે. બ્હારના ડિમાકથી અનેક મુગ્ધ જનો--અર્ધદગ્ધ પુરૂષો તેમની પ્રપંચ જાળમાં ફસી પડે છે તેને લીધેજ કોમના આગેવાનોને પ્રસંગ મળ્યે અવાજ ઉઠાવવો પડે છે.

શાસ્ત્રકારોએ સાધુ ધર્મ પાળવા નિમિત્તે જે પ્રકારનું વર્તન રાખવા ફરમાવે

For Private And Personal Use Only

લું છે, પ્રતિક્રમણ સૂત્રના બીજા સૂત્ર 'પંચિંદિય સંવરણો'માં જે જે ગુણો સાધુના જણાવેલા છે તેથી શૂન્ય–શિથિલ ચારિત્રવાળા પુરૂષો, આજકાલના ગોરજીઓ–શ્રીપૂજ્યો, જૈનેતર ધર્માવલંબી સન્યાસીઓ, સમકીતવંત શ્રાવક ભાઈઓને શુદ્ધ ગુરૂ તરીકે પૂજવા યોગ્ય નથી. શ્રીહરિભદ્રસૂરિ મહારાજના શબ્દોમાં કહીએ તો સર્વસંપત્કરી ભિક્ષાના ગ્રાહક સાધુજનોજ સેવવા યોગ્ય છે. જૈનમતાનુસારે તો 'ગૃહસ્થ ગુરૂ હોઈ શકે કે કેમ ?' તે ચર્ચાને જન્મજ મળી શકતો નથી. અહીં ગુરૂ શબ્દનો અર્થ રત્નત્રયી પૈકી શુદ્ધ ચારિત્રપાત્ર ગુરૂ એમ કરવામાં આવે છે અને તેથી ગૃહસ્થ ધર્મમાં રહેલ પુરૂષ સાધુધર્મ અંગીકાર કર્યા શિવાય ગુરૂપદને લાયક થઈ શકતો નથી.

ચારિત્રહીન સાધુઓની સેવા કરવાથી- અયોગ્યને માન આપવાથી ચારિત્રવંત સાધુ જનોનું–લાયક પુરૂષોનું એક રીતે અપમાન થાય છે એટલુંજ નહિ પણ દુર્ગુણોને આડકતરી રીતે આપણે ઉત્તેજન આપનારા થઈ પડીએ છીએ અને પરિણામે શુદ્ધ ગુણોની ખરી કિંમત ભૂલી જવાય છે. गुणाः पूजास्थानं गुणीषु न च लिङ्गं न च वयः । સ્ત્રી અગર પુરૂષ, બાળક અથવા વૃદ્ધ ગમે તે હો પરંતુ તે શુદ્ધ ગુણોનું ભાજન હશે તોજ પૂજવા યોગ્ય થશે. માત્ર અંધ શ્રદ્ધાથીજ ગુણહીન માણસને ગુરૂ તરીકે માની લઈ તેની સેવા કરવાથી યોગ્ય ફળની પ્રાપ્તિ થઈ શકતી નથી. જે પુરૂષોનો વૈરાગ્ય માત્ર અન્ય પુરૂષોને છેતરવા માટે–ફસાવવા માટે હોય છે, જેમનો ધર્મોપદેશ માત્ર લોકોને ખુશી કરવા માટે હોય છે, તેઓ સાધુ નામને બીલકુલ યોગ્ય નથી. જૈન સાધુઓમાં અન્ય સાધુઓની સ્થિતિ સાથે સરખાવતાં જે ચારિત્રશુદ્ધિ જળવાઈ રહી છે તે જૈન શાસ્ત્રકારોએ સાધુ ધર્મને માટે યોજેલા સખત નિયમોને આભારી છે. આજકાલ સાધુ નામધારક અન્ય જનો આપણા ગરીબ–નિર્ધન દેશને કેટલા બધા બોજારૂપ છે તેનો યથાર્થ ખ્યાલ, તેઓની સંખ્યા અને તેમને માટે થતો ખર્ચ ન્યુસપેપરોદ્વારાએ જાણ્યાથી આવી શકે છે. જે સાધુ જનો આપણી પાસેથી માત્ર ઉદરનિર્વાહ નિમિત્તે યત્કિંચિત્ વસ્તુ લઈ આપણને ધર્મોપદેશદ્વારાએ અનેક ગુણોના લાભ આપી શુદ્ધ માર્ગ તરફ દોરે છે તેઓજ પૂજવા યોગ્ય છે. અનેક પુષ્પોના પરાગ માત્રથી સંતુષ્ટ થઈ, તેમને કોઈપણ પ્રકારની કિલામણા ઉપજાવ્યા શિવાય જેવી રીતે ભ્રમર આનંદ મેળવેછે તેવીજ રીતે જૈન સાધુઓ ગોચરી ગ્રહણ કરી, ધાર્મિક કાર્યો કરવામાં મદદ આપવા પૂરતો જ તેનાવડે શરીરનો નિભાવ કરી આત્મિક આનંદ અનુભવે છે અને તેથીજ તેઓ સેવા કરવા યોગ્ય છે.

વળી શ્રદ્ધાવંત જૈન ભાઈઓએ જૈન સાધુઓ પાસેથી કોઈ પણ પ્રકારના ચમત્કાર દર્શનની આશા રાખવાની નથી. 'ચમત્કાર વગર નમસ્કાર નહિ' એ કહે-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વત સમ્યક્ દ્રષ્ટિ જીવોએ બીલકુલ લક્ષ્યમાં રાખવાની જરૂર નથી. મુગ્ધજનોનેજ ચમત્કાર દર્શાવનારા ગુરૂજનોની અપેક્ષા રહે છે. દોરા–ધાગા કરનારા, મંત્ર–તંત્ર જાણનારા ચારિત્રહીન પુરૂષો માત્ર ભોળી ભામિનીઓને તેમજ અલ્પજ્ઞ આસામીઓને પોતા તરફ ખેંચી શકે છે. શુદ્ધ માર્ગમાં રહેલ વિવેકી જનો આવા પુરૂષોને બીલકુલ માન આપતા નથી. ધર્મોપકરણ નિમિત્તેજ માત્ર વસ્ત્ર–પાત્ર–પુસ્તક રાખનારા નિરપેક્ષ સાધુજનો મંત્ર–તંત્રનો ઉપયોગ કરી સંસારી જીવોને પોતા તરફ ભક્તિભાવ દર્શાવનારા કરવાનું મુદ્દલ યોગ્ય ધારતા નથી. જે પરમ વિવેકી સાધુજનો ગોરજીઓની માફક પોતાના શુદ્ધ ચારિત્રને બીલકુલ ડાઘ લાગવા દેતા નથી તેજ આપણી તરફની પૂજાને--સેવાને પાત્ર છે. જેઓ સંસારથી વિરક્ત થઈ સંસારીઓની ખટપટ મુદ્દલ પસંદ કરતા નથી તેઓજ સન્માનને લાયક છે. સગાં વ્હાલાંના બંધનથી છુટા થઈ આ અસાર સંસારનો ત્યાગ કરી, માથું મુંડાવી, વૈરાગ્ય વાસનાથી વિભૂષિત થઇ, સર્વવિરતિધારક સાધુ આત્મિક ગુણો પ્રકટ કરવા તરફ ઓછું લક્ષ્ય આપી આ દુનિઆની અવનવી ખટપટોમાં પાછા ઘુંચવાય તો પછી તેમની સેવના આપણને કેટલી ફળદાયી થઇ શકે ? તે વિચારવા જેવું છે. સાધુઓના વિહાર સંબંધમાં તેમજ જૈન સમાજ પ્રત્યેની તેમની ફરજોના સંબંધમાં વિચારશીળ વિદ્વાન્ લેખકો તરફથી સ્વતંત્ર લેખો લખાવાની જરૂર છે. અત્ર વિષયાંતરના ભયથી તદ્ વિષયક વિશેષ ચર્ચા કરવાનું યોગ્ય ધારવામાં આવતું નથી. જુદી જુદી અનેક વિદેશીય પ્રજાના સંસર્ગથી આપણે અર્વાચીન સમયે એવી સ્થિતિએ પહોંચ્યા છીએ કે જુદા જુદા દરેક વિષયમાં આપણે આગળ વધતા હોઇએ તેવાં ચિન્હો સર્વત્ર જણાયછે. આ પ્રગતિના જમાનામાં પૂજ્ય મુનિવરો, જૈન વિદ્વાનો, કેળવાએલા બંધુઓ અને અગ્રેસરો યોગ્ય પ્રયાસ કરે તો જૈન સમાજને ઘણે ઘણે પ્રકારે લાભ આપી શકે તેવી સ્થિતિ છે. જૈન સાક્ષરોએ વિદ્વાન સાધુ વર્ગના પરિચયમાં વધારે વધારે આવી સંયુક્ત બળથી સમાજ સુધારણાના કાર્યને પરતું ઉત્તેજન આપવાની આવશ્યકતા છે.

સંપૂર્ણ.

---

# षष्ठ सौजन्य-साधुपद अनुसरण.

(અનુસંધાન પૃષ્ટ ૬૬ થી.)

વળી ઉપરોક્ત મુનિસુંદરસૂરિના શ્લોકનું પૃથક્કરણ કરતાં જણાય છે કે સાધુએ અશુભ કર્મબંધના કારણરૂપ અશુભ અધ્યવસાય અને તેના પ્રસંગોને દૂર કર્યા હોય છે તેથી તેઓનાં પાપકર્મો શાંત પામી ગયા હોય છે. મતલબ કે તેઓને પોતાનાં વર્તન ઉપર એવો અંકુશ ધીમે ધીમે

For Private And Personal Use Only

આવતો જાય છે કે તેઓને પાપબંધ થવાનાં કારણો અલ્પ થતાં જાય છે, અને છેવટે નાશ પામી જાય છે. વળી તેઓ સમતારંગમાં રંગાઇ ગયેલા હોવાથી આત્માનુભવ જાગ્રત કરી શકે છે. તેઓના મનમાં નિરંતર એકાંત સ્થાનમાં જઇ આત્મા ક્યાં છે ? અહીં કેવી સ્થિતિમાં છે ? તેનું કર્ત્તવ્ય શું છે ? અને તેનું મૂળ સ્વરૂપ કેમ પ્રગટ થાય ? એજ ચિંતા રહ્યા કરે છે. અપમાનથી તેઓ ઉશ્કેરાતા નથી, સન્માનથી આનંદ માનતા નથી, ઘેંશ ને કુશકાના ભોજનથી તેઓને દુઃખ લાગતું નથી, ઘેવર ઘારીના ભોજનમાં તેઓને સુખ લાગતું નથી, ઇષ્ટજન વિયોગથી તેઓને શોક થતો નથી, અને ઇષ્ટજનના સંયોગથી તેમને રાગ થતો નથી. તેઓ તો જરૂર પૂરતો ઉપકાર કરવા માટેજ લોકપરિચય રાખી અવકાશના વખતમાં આત્મા સાથે આત્માનીજ આત્માના હિત સંબંધીજ વાતો કર્યા કરે છે. દુનિયા તેને માટે શું કહે છે તે જાણવાની તેમને જિજ્ઞાસા થતી નથી, તે સાંભળવામાં તેમનું મન પરોવાતું નથી અને કદી સંભળાઇ જાય તો તેપર તેમનું મન દોરવાઇ જતું નથી. દુનિયાના પ્રાકૃત મનુષ્યોને લક્ષ્ય સ્થાન છેજ નહિ અને હોય તો અશુદ્ધ છે, તેથી પોતાનો અને દુનિયાનો વિચાર મળે એ વાત તેઓને ગળે ઉતરતી નથી, તેથી આત્માનુભવ કરવામાં, ચેતનતા જાગ્રત કરવામાં અને સુબુદ્ધિનો સદુપયોગ કરવામાંજ તેઓ પરિપૂર્ણતા માને છે, અને તદનુસાર વર્તન કરે છે. ભર્તૃહરિએ એક જગોપર સાધુનું આદર્શ બતાવતાં કહ્યું છે કે ' ગંગા નદીનો કિનારો હોય, હિમગિરિના શીતળ પવનથી મગજને ઠંડક વળતી હોય, તે વખતે હિમાચળ પર્વતની શીલા ઉપર પદ્માસન વાળીને બ્રહ્મધ્યાનમાં મગ્ન થઇ યોગ નિદ્રામાં આ દેહ પડી જાય છે ત્યારે ખુજલીવાળા હરિણો બીલકુલ ભય વગર પોતાની ખરજ મટાડવા તેના શરીર સાથે પોતાના અંગો ઘસે છે અને તેવી અતિ આનંદજનક સ્થિતિ દિવસોના દિવસો સુધી ચાલ્યા કરે છે. ' આ શ્લોકમાં સમતાની જે રેલછેલ જોવામાં આવે છે તે બહુ વિચારવા યોગ્ય છે અને એવી સમતા મુનિજીવનનું આદર્શ છે. તેજ શ્લોકમાં મુનિસુંદરસૂરિ આગળ કહે છે કે સાધુ સંયમગુણ રૂપ ખીલેલાં ઉદ્યાનમાં ક્રીડા કરે છે, એટલેકે નિજ ગુણોમાં રમણ કરે છે. જૈન શાસ્ત્રકાર સંયમના સત્તર પ્રકાર જણાવે છે. પંચમહાવ્રત જેનું સંક્ષિપ્ત વર્ણન ઉપર કરી ગયા છીએ તે સાધુ મહાત્માઓ બરાબર પાળે છે, એનાં પ્રત્યેક અંગ અને વિભાગને બહુ સૂક્ષ્મ રીતે વિકસ્વર કરે છે, એના સંબંધમાં અલ્પ પણ દોષ થઇ જાય તો તેને માટે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરે છે, ફરીથી તેવો દોષ ન લગાડવાનો નિશ્ચય કરે છે, અને નિર્મળ હૃદયથી એના પ્રત્યેક અતિચારને સમજી દરરોજ સવાર સાંજ તેની આલોચના કરવા પૂર્વક પ્રતિક્રમણ કરે છે. પાંચ ઇંદ્રિયના ત્રેવીશ વિષયોનું દૃઢ સંયમન કરે છે, તેમાં જરા પણ આસક્ત થતા નથી, તેમાં જરાપણ આનંદ માનતા નથી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું ઉપરચોટિયાપણું બહુ સારી રીતે સમજે છે અને તેઓ પરિણામે મોટા ઉપાધિ કરનારા છે એ વાત તેઓના ધ્યાનમાં હોય છે. તેવીજ રીતે કષાયો—ક્રોધ માન માયા અને લોભ સંસારના વધારનાર અને માનસિક ક્ષોભ કરાવનાર છે એમ બરાબર સમજી તે મનોવિકારોનો પણ મહાન્ સંયમ કરે છે. છેવટે તેઓ મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિથી રંગાયેલ રહે છે. મનમાં કાંઇપણ દુર્ધ્યાન કરવું, અશુભ ચિંતવના કરવી, માઠા અધ્યવસાય કરવા, એ સર્વ મનની અશુભ પરિણતિ છે; સાવદ્ય વચન બોલવાં એ વચનની અશુભ પરિણતિ છે અને શરીરની કોઈપણ પ્રકારની અજયણાએ પ્રવૃત્તિ કરવી એ કાયિક અશુભ વર્ત્તન છે; એ ત્રણ પ્રકારના માનસિક, વાચિક અને કાયિક વર્ત્તન પર દૃઢ અંકુશ રાખવો એ ત્રણ ગુપ્તિ છે. સંસાર પરિભ્રમણમાં ઇંદ્રિયો અને કષાયો જે બળવત્તરપણું ધારણ કરે છે તે મનપર આધાર રાખે છે. અધ્યવસાયની ચીકાશના પ્રમાણમાં કર્મનો રસબંધ પડે છે અને મનપર જેટલો અંકુશ ઓછો તેટલે દરજ્જે તે શિથિલ રહે છે. જેમ રેલવેને અટકાવવા માટે મજબૂત બ્રેકની જરૂર પડે છે તેમ મનના વેગને અટકાવવા ચિત્તદમન—મનોગુપ્તિરૂપ મજબૂત બ્રેકની આવશ્યકતા છે. વગર વિચાર કર્યે, પ્રસંગ વગર, હેતુ વગર, કારણ વગર, અને લાભ વગર ગમે તેમ બોલ્યા કરવું, ગમે તે બોલ્યા કરવું એ પણ અતિ હાનિકારક છે. એક વગર વિચાર્યા વચનથી અનેક હાનિ થાય છે પણ મુખમાંથી બહાર નીકળેલું વચન પાછું પેસી શકતું નથી. એક પણ વચન પ્રસંગ અને પરિણામના વિચાર વગર નીકળી ગયું તો પછી ગમે તેટલો પશ્ચાત્તાપ થાય, બીજીજ ક્ષણે કદિ મનમાં એમ થાય કે આ વચન ન બોલાયું હોત તો સારૂં હતું, તેનો ખુલાસો કરવા વિચાર થાય પણ તે સર્વ નકામું છે. વચન નીકળી ગયા પછી તેનું પરિણામ છુટકે કે અણછુટકે બોલનારે સહન કરવું જ પડે છે. મોટા તળાવના મધ્ય ભાગમાં એક પથરો નાખ્યા પછી બીજીજ ક્ષણે વિચાર થાય કે પથરો ન નાખ્યો હોત તો ઠીક હતું; પણ તે વિચાર બહુ મોડો છે, નકામો છે, તેમજ મિથ્યા છે. પડેલા પથ્થરમાંથી ઉઠેલાં વર્તુલો એક પછી એક વધતાં વધતાં કાંઠા સુધી પહોંચે છે, તેને પથ્થર નાખનાર કોઇ પણ રીતે અટકાવી શકતો નથી. તેવીજ રીતે બોલાયલા વચનમાંથી ઉઠેલા વર્તુલો કાંઠાસુધી પહોંચે ત્યાં સુધી બોલનારે જોયાજ કરવું જોઈએ. તેમ છતાં કદિ તે વર્તુલોના આવેશમાં વળી બીજો વિચારવગરનો પથરો જો ફેંકાઈ ગયો તો બીજાં અનેક નવાં વર્તુલો ઉઠે છે કે તે પણ કાંઠે પહોંચે ત્યાંસુધી તેમાં પોતાનું કાંઈ ચાલી શકતું નથી. વ્યવહારમાં પ્રત્યેક મનુષ્યે આવી સ્થિતિ અનુભવી હશે. સગાં સંબંધીઓના નેહ જાળવવામાં, મિત્રપર કઠિન શબ્દ વાપરવામાં, વાદવિવાદની ગરમીમાં, ભાગીદારોના હિસાબ સમજવામાં કે ચાલુ લેણદેણમાં બોલાયેલ એક શબ્દ—એક વાક્ય કેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે પરિણમન પામે છે એ લખવાની વિશેષ જરૂર નથી. સામાન્ય અવલોકનથી આ બાબત સમજાય તેવી છે. સાધુ મહારાજ વગર વિચાર્યે એક પણ વચન બોલતા નથી, કારણ વગર બોલતા નથી અને ખાસ લાભનો પ્રસંગ હોય તોજ બોલે છે; નહિ તો मौनं सर्वार्थसाधनम्—મૌન સર્વ અર્થ પ્રાપ્ત કરી શકે છે—એ સૂત્ર તેઓના મનમાં સ્થિત થએલુંજ હોય છે અને તેને તેઓ અનુસરે છે. વચનગુપ્તિની બહુ સામાન્ય લાગતી બાબત પણ પ્રસંગે કેટલી અગત્યની થઈ જાય છે તે અત્ર બતાવ્યું. તેવીજ રીતે કાયિક વર્તનપર પણ તેઓ બહુ ઉત્તમ પ્રકારે સંયમ રાખે છે. શરીરની અજયણાએ જરા પણ પ્રવૃત્તિ કરતા નથી. પ્રમાર્જનાનો ઉત્તમ હેતુ લક્ષ્યમાં રાખી અન્ય જીવોને જરા પણ દુઃખ ન થાય તેવી રીતે બનતાં સુધી પ્રમાર્જના કરી સકારણ લાભ હેતુ હોય ત્યારેજ શરીરપ્રવૃત્તિ કરેછે. આવી રીતે પાંચ મહાવ્રત, પાંચ ઇંદ્રિયોનું દમન, ચાર કષાયનો નિગ્રહ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત રહી સાધુઓ સત્તર પ્રકારે સંયમ પાળે છે. આ સંયમના દરેક ભેદ પર બહુ વિવેચન થઇ શકે તેમ છે, પણ તેમ કરતાં વિષય હદ બહાર લંબાઇ જાય તેથી તેમ ન કરતાં તેનું માત્ર દિગ્દર્શનજ અત્ર કરાવ્યું છે. એ સત્તર પ્રકારે સંયમ બહુ વિશાળ દૃષ્ટિથી તેમજ બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી દરેક વ્યવહાર—વર્તન અને વચનના ભાગ વિભાગના પ્રત્યેક [illegible] દાખલ થઇ નકામો શક્તિ વ્યય અટકાવે છે, નકામી કર્મોત્પત્તિ બંધ કરે છે, અને અશેષ કર્મનો બારોબાર ક્ષય કરે છે. એના પર જેટલે અંશે વધારે ધ્યાન અપાય—જેટલું તદનુસાર વર્તન થાય તેટલે અંશે અને તેટલું સાધુપણું સાર્થક થાય છે.

ઉપર પ્રમાણે વર્તન રાખતાં અનિત્ય વિગેરે બાર ભાવનાઓ તેઓ નિરંતર ભાવ્યા કરે છે. તેઓ વિચારે છે કે, આ સંસારમાં કોઇ વસ્તુ નિત્ય નથી, શરીરાદિ નાશવંત છે, માત્ર આત્મા નિત્ય છે (અનિત્ય ભાવના); આ જીવને ભગવદ્વચન સિવાય કોઇનો આધાર નથી, સગાં સ્નેહી કોઇ મરણ ભયથી બચાવી શકતું નથી, બચવાનો ઉપાય સ્વસત્તા પ્રગટ કરવામાં છે ( અશરણ ભાવના ); આ સંસારમાં ભ્રમણ કરતાં જીવ અનેકવાર રંક, રાજા, ભિક્ષુક, ઇંદ્ર, રોગી, પુષ્ટ થાય છે, નવાનવા વેષ ધારણ કરે છે, નવાનવા સંબંધ કરે છે અને સર્વ ગતિમાં રખડે છે ( સંસાર ભાવના ); આ જીવ એકલો આવ્યો છે, એકલો જવાનો છે, એનું કોઇ નથી, એ કોઇનો નથી, એની સાથે કોઇ જવાનું નથી ( એકત્વ ભાવના ); જેને તું તારૂં ગણે છે, તારાં ગણે છે, તે તારૂં નથી કે તારાં નથી. પાદ્ગલિક વસ્તુઓ પર છે, વિનાશી છે, ત્યાજ્ય છે, તેમજ સગાં-સ્નેહી પણ તારાં નથી, તું સર્વથી ભિન્ન છે (અન્યત્વ ભાવના) ; તને શરીરપર મોટો મોહ છે પણ તે અશુચિથી ભરપૂર છે. માંસ, રૂધિર, હાડકાં, ચામડી એ દરેક અપવિત્ર છે, અને તેવી ધાતુથી ભરેલાં શરીરપર મોહ અસ્થાને છે, અકર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અયોગ્ય છે ( અશુચિ ભાવના ) ; જીવને કર્મબંધ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગોથીજ થાય છે, એની વિચારણા વિવેક પૂર્વક કરવા યોગ્ય છે ( આશ્રવ ભાવના ) ; તેવીજ રીતે સમિતિ, ગુપ્તિ, યતિધર્મ, ચારિત્ર, પરીષહસહન વિગેરેથી કર્મબંધનો માર્ગ અટકે છે, કર્મબંધનું પ્રવેશદ્વાર બંધ થાય છે, એ સંબંધી વિવેક પૂર્વક વિચારણા કરવી ( સંવર ભાવના ) ; તદુપરાંત આત્મપ્રદેશ સાથે લાગેલાં જુનાં કર્મોને બાહ્ય અભ્યંતર તપ કરીને ખેરવી નાખવા-ભોગવ્યા સિવાય ફેંકી દેવાં. રૂપ પ્રબળ પુરૂષાર્થને નિર્જરા કહેવામાં આવે છે. એના પ્રદેશોદય, વિપાકોદય, સકામ અકામ નિર્જરા વિગેરે ભેદો બહુ મનન કરી સમજવા યોગ્ય છે ( નિર્જરા ભાવના ); વિશ્વમંડળની રચના, ચૌદ રાજલોકનું સ્વરૂપ બરાબર વિચારવું, તદંતર્ગત દેવ, મનુષ્ય અને નારકી જીવોનાં સ્થાનો, તેમાં ગતિ આગતિ કરનાર જીવોનું કર્મજનિત સ્વરૂપ અને તજ્જન્ય અનંત જન્મ મરણ પર વિચારણા કરવી ( લોકસ્વભાવ ભાવના ) ; આ અનંત સંસારમાંથી બચાવનાર, પરંપરાએ મુક્તિ અપાવનાર, દાન શીલ તપ ભાવ, માર્ગાનુસારીત્વ, શ્રાવકત્વ વિગેરે અનેક ગુણયુક્ત ધર્મજ છે. એ ધર્મ પ્રાપ્ત થવો અતિ મુશ્કેલ છે. એ પર પૂર્ણ વિચારણા કરવી અને તેનું સ્વરૂપ બરાબર ઓળખવું (બોધિદુર્લભ ભાવના); શુદ્ધ દેવ ગુરૂ ધર્મને ઓળખવા મુશ્કેલ છે, ઓળખીને તેઓને પૂજવા, વાંદવા, આરાધવા વધારે મુશ્કેલ છે, પરંતુ તેજ ખરૂં કર્તવ્ય છે (ધર્મના સાધક અરિહંત સંબંધી ભાવના ). એ બાર ભાવનાઓ મુનિ નિરંતર ભાવ્યા કરે છે. તે ઉપરાંત મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાઓ પણ નિરંતર ભાવ્યા કરે છે. આ ચાર ભાવનાઓ બહુ સમજવા યોગ્ય છે, પણ તેનું સવિસ્તર સ્વરૂપ આગળ બારમા સોજન્યના વિષયમાં આપવાનું હોવાથી અત્ર તેપર વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. પરહિતની ચિંતવના તે મૈત્રી ભાવના, અન્ય પ્રાણીઓના દુઃખોનું નિવારણ કરવાના ઉપાયોની યોજના કરવી તે કરૂણા ભાવના, અન્ય પ્રાણીઓમાં ગુણ જોઈને તેના ઉપર રાજી થવું, તેનો દ્વેષ કે ઈર્ષ્યા ન કરવાં તે પ્રમોદ ભાવના અને અસાધ્ય પ્રાણીઓના દોષો તરફ બેદરકારી રાખવી તે ઉપેક્ષા ભાવના. આ સોળ ભાવનાનું સ્વરૂપ વિસ્તારથી જોવા ઈચ્છનારે શ્રી વિનયવિજય ઉપાધ્યાય કૃત શ્રી શાંત સુધારસ ગ્રંથ જોવો. આ સોળ ભાવના ઉપરાંત પાંચમહાવ્રતની[1] પાંચ પાંચ ભાવનાઓ શાસ્ત્રકારે બતાવી છે તે મુનિ મહારાજ વારંવાર ભાવે છે. આવી રીતે વિષય કષાયમાં અનાસક્ત, શાંતપાપાચરણ, સમતામય, રાગદ્વેષ વિમુક્ત, પ્રશાંત કલુષ, સંયમવનમાં ક્રીડા કરનાર અને ઉત્તમ ભાવનાઓના ભાવનાર આદર્શમય મુનિજીવન હોય છે. એ ઉપરના મુનિસુંદરસૂરિ મહારાજના શ્લોકના વિવેચનથી આપણે જોયું.

---

૧ આ દરેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓ માટે જુઓ ધર્મરત્ન પ્રકરણ ભાગ ૩ જો પૃ૦ ૨૪૮.

For Private And Personal Use Only

ઉપર જણાવેલ આદર્શ પ્રાપ્ત કરવાનું લક્ષ્ય દરેક મુનિએ રાખવું જોઈએ. એના સાધન તરીકે અનેક ઉપાયો સૂચવ્યા છે. ચરણ સિત્તરી અને કરણ સિત્તરીના પ્રત્યેકના સીત્તેર સીત્તેર ભેદ બતાવ્યા છે તે મનન કરવા યોગ્ય છે. એમાં ચારિત્ર અને ક્રિયાના નિયમો બતાવ્યા છે. એથી વ્યવહાર અને આહાર વિહાર ઉપર મજબૂત અંકુશ આવી જાય છે. એ ચરણ સિત્તરી ના ૭૦ ભેદોમાં પ્રથમપદે પંચ મહાવ્રત આવે છે જે સાધુ ધર્મનો મૂળ પાયો છે. દરેક યોગના ગ્રંથપર લેખ લખનાર એને પ્રધાન પદ આપે છે. એ યોગના બીજા પાયામાં—નિયમમાં આવી જાય છે. એ પર વિસ્તૃત વિવેચનની આવશ્યકતા રહેતી નથી. ત્યાર પછી દશ યતિધર્મ આવે છે.

વિષયની શરૂઆતના ભાગમાં ક્ષમા, આર્જવ, માર્દવાદિ દશ યતિધર્મ પર વિવેચન કર્યું છે તે બહુ વિચારવા યોગ્ય છે. એ યતિનું જીવન છે, એના પ્રત્યેક અંગ પ્રત્યંગને અક્ષરશઃ અનુસરવાની બહુજ આવશ્યકતા છે, એ ખરેખરી દેવી સંપત્તિ છે. એક ખ્રીસ્તી જેમ દશ આજ્ઞા ( Ten commandments ) ને નિરંતર લક્ષ્યમાં રાખવા બંધાયલો ગણાય છે તેમ સાધુ આ દશ યતિધર્મનું ઉદ્વહન કરવા પૂરતું લક્ષ્ય આપે છે, કારણ તે સમજે છે કે તે દશ ધર્મો તેના જીવનમાં ઓતપ્રોત થાય તોજ મુનિજીવન સાર્થક થાય તેમ છે. આ પ્રત્યેક ધર્મપર વિસ્તારથી મોટા મોટા લેખ લખી શકાય તેમ છે અને તે કાર્ય અન્ય વિદ્વાન્ ગૃહસ્થે આ માસિકમાં શરૂ કરી દીધું છે. તે વિચારવા વાંચવાની ભલામણ કરવા સાથે આપણે ચરણ સિત્તરીના બીજા ભેદો આગળ વિચારતાં જોશું તો તેમાં ત્યારપછી સત્તર પ્રકારે સંયમ આવે છે. તેના ઉપર પણ અગાઉ વિવેચન થઈ ગયું છે. પછી દશ પ્રકારે વૈયાવચ્ચ આવે છે. આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, નવદીક્ષિત શિષ્ય, રોગી સાધુ, સામાન્ય સાધુ, સ્થવિર, ચતુર્વિધ સંઘ, કુળ અને ગણની અધિકાર તથા યોગ્યતાના પ્રમાણમાં તજવીજ કરી, તેઓને સગવડ કરી આપી, તેઓના આહારાદિ સંબંધમાં ગોઠવણ કરી, તેઓને યોગ્ય સમાધિ સાધન યોજી આપવું એ વૈયાવચ્ચ કહેવાય છે. એક સામાન્ય વ્યવહારૂ વચન છે કે 'યોગ્યને યોગ્ય માન આપવું.' વિનો વૈરીને વશ કરે, એ વાક્ય બતાવે છે કે સાદું જીવન જીવવાની ઇચ્છા રાખનારે પણ ગુણાધિકનો યોગ્ય આદરસત્કાર કરવો જોઈએ. તેમજ બાળ વૃદ્ધ રોગીને બની શકતી મદદ આપવી જોઈએ. આ સામાન્ય વ્યવહાર પ્રનાલિકાને યોગ્ય રીતે લંબાવવાથી વૈયાવચ્ચગુણની મહત્વતા લક્ષ્યમાં આવી શકે તેમ છે. એથી અસ્થિર મનવાળા સ્થિર થાય છે, આર્ત્ત મનુષ્યની દુઃખની પીડા ઓછી થાય છે અને સામાન્ય બાબતમાં ધ્યાન આપવાની જરૂર ન પડવાથી સંયમ માર્ગની વિશેષ આરાધના થાય છે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેનો લાભ–તેનું ફળ તેના નિમિત્તભૂત વૈયાવચ્ચ કરનારને મળે છે. વળી એક મહાત્મા પુરૂષની સુશ્રૂષા કરતી વખતે મનમાં એવો અદ્ભુત સંતોષ થાય છે કે તેનો અનુભવ થયો હોય તેજ તેની મહત્વતા સમજી શકે તેમ છે. ઉપરાંત વસતિ, કથા, આસન, અવયવ નિરીક્ષણ, કુટચંતર, પૂર્વ ક્રીડિત અનુસ્મરણ, માદક આહાર, અતિ આહાર અને શરીર વિભૂષા એ નવપ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ સાધુ ધારણ કરે છે. સર્વ વ્રતોમાં રાગનું પ્રબળ કારણ, એકાંતે અહિત કરનાર મૈથુન છે અને તેથી તે સામે રક્ષણ મેળવવા સારૂ નવ વાડો પરમાત્માએ સૂચવી છે. એમાં બહુ ગંભીર આશય છે. એ મનોવિકારના પ્રસંગોનો પણ નાશ કરેછે અને બ્રહ્મચર્ય રૂપ ક્ષેત્રનું બહુ સારી રીતે રક્ષણ કરે છે. આ નવ વાડો સહિત બ્રહ્મચર્ય પાળવું એ પણ ચરણ સિત્તરીનો વિભાગ છે. આ ઉપરાંત શુદ્ધ આત્મબોધ, શુદ્ધ શ્રદ્ધા અને નિરતિચાર વર્તન એ ત્રણનો પણ ચરણ સિત્તરીમાં સમાવેશ થાય છે. બાહ્ય અભ્યંતર બાર પ્રકારના તપ અને ચાર કષાયનો ત્યાગ એ પણ ચરણ સિત્તરીમાં આવી જાય છે. તે સીત્તેર ભેદ નીચે પ્રમાણે છે.

૫ મહાવ્રત.
૧૦ યતિધર્મ.
૧૭ પ્રકારે સંયમ.
૧૦ પ્રકારે વૈયાવચ્ચ.
૯ બ્રહ્મચર્ય ગુપ્તિ.
૩ જ્ઞાનાદિ ત્રયનું આરાધન.
૧૨ તપ.
૪ કષાય ત્યાગ.

એ સીત્તેર પ્રકાર ચરણ સિત્તરીના છે. એનાપર વિવેચન કરવાની આવશ્યકતા બહુ છે, પણ એવા પેટા વિભાગોપર વિવેચન કરવાથી વિષય ગણો બહાર થઇ જાય છે. વિશેષ રૂચિવંતે અન્ય ગ્રંથોથી તે વાંચી લેવા યોગ્ય છે. ચરણ સિત્તરીની પેઠે કરણ સિત્તરીના પણ ૭૦ ભેદો છે. તે આ પ્રમાણે—

૪ પિંડ, વસ્ત્ર, પાત્ર અને શય્યા અકલ્પનીય લેવાં નહિ. એમાં આહારના બેંતાળીશ દોષ, પિંડ વિશુદ્ધિના સોળ દોષ વિગેરે વિચારવા યોગ્ય છે.

૫ સમિતિ. તે આ પ્રમાણે—

૧ સાડાત્રણ હાથ આગળ દ્રષ્ટિ રાખીને ચાલવું.
૨ નિર્દંભપણે સત્ય અને સર્વને અભિમત થાય તેવું થોડું મુદ્દાસર હિતકારી વચન બોલવું.
૩ દોષ વગરનાં આહાર પાણી લેવાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ વસ્તુ લેતાં મૂકતાં તે પ્રમાર્જના પૂર્વક લેવી મૂકવી.

૫ ભૂમિ શોધન કરી મળોત્સર્ગાદિ કરવાં.

૧૨ ભાવના (તે પર વિવેચન થઇ ગયું છે.)

૧૨ સાધુની પ્રતિમા.

શરીરના મજબુત બાંધાવાળો, ધીરજવંત અને સત્વવંત મુનિ શાસ્ત્ર-વિહિત રીતિ પ્રમાણે મુનિની ૧૨ પ્રતિમાનું વહન કરે. તેનું વિસ્તારથી સ્વરૂપ પ્રવચન સારોધ્ધાર ગ્રંથમાંથી જોઇ લેવું.

૫ ઇંદ્રિય નિરોધ.

૨૫ પ્રતિલેખના. સવાર બપોર સાંજ સર્વ ઉપકરણોની પ્રતિલેખના (પ્રેક્ષા) કરવી તે. તેનો વિસ્તારથી વિધિ જાણવા માટે જુઓ પ્ર. સા પૃષ્ઠ ૨૨૫.

૩ ગુપ્તિ. મન વચન કાયાના યોગોપર યોગ્ય અંકુશ રાખવો.

૪ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી અભિગ્રહ-નિયમ કરવા. આહારાદિમાં ખપતી વસ્તુઓમાં પણ અનેક રીતે સંકોચ કરવો.

ચરણ સિત્તરી નિત્ય અનુષ્ઠાન છે, કરણ સિત્તરી પ્રયોજન વશાત્ સાધ્ય અનુષ્ઠાન છે. સાધુનું આદર્શ જીવન પ્રાપ્ત કરવા માટે આ સર્વ મજબૂત—પ્રબળ સાધનો છે. એના પ્રત્યેક ભાગ અને વિભાગ પર વિચાર કરવાથી તેમાં રહેલ સદ્ગુણ-સુવાસ પ્રત્યક્ષ જણાઇ આવશે. સાધુ જીવન એ મોક્ષનો પરમ સરળ માર્ગ છે,મોક્ષ વગર કર્મથી મુક્તિ નથી, કર્મથી સંપૂર્ણ મુક્તિ મળ્યા વગર દુઃખનો છેડો નથી અને દુઃખના છેડા વગર ચક્રભ્રમણનો અંત નથી; તેથી સાધુ જીવન મહા ઉત્કૃષ્ટ છે, આદર્શમય છે, વંદન કરવા યોગ્ય છે. અપૂર્ણ.

# શીલ ધર્મ.

## સનત્કુમાર ને શૃંગારસુંદરી.

અનુસંધાન પૃષ્ઠ ૮૧ થી.

(સ્વયંવરમંડપનું વર્ણન) તે મંડપ ચલાયમાન (ફરકતી) ધ્વજાઓ રૂપી હસ્તો વડે જાણે રાજાઓને સ્વયંવર ઉત્સવને વિષે આવવા માટે બોલાવતો હોય તેમ શોભતો હતો. તે મંડપમાં જગત્ જનોના મનના મોહરૂપ દિવસનો ઉદય કરવામાં સૂર્ય સમાન તીક્ષ્ણ કાંતિવાળા સુવર્ણના કલશો શોભતા હતા. ત્યાં મોટા તોર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણુવાળા સ્તંભો પર લટકાવેલી ચંદનમાળાઓ સ્વભાવથી જ ચપળ એવી લક્ષ્મીને ક્રીડા કરવાના હીંચકાની લીલાને ધારણ કરતી હતી. ત્યાં લટકાવેલી મોતીની માળાઓ રૂપ નક્ષત્રો વડે સુંદર, દેદીપ્યમાન કાંતિવાળા અને કામદેવનો પ્રચાર કરવામાં ઉદ્યોગી એવા [1]ચંદ્રોદયો શોભતા હતા. ઉંચા અને વિસ્તારવાળા મંચો ઉપર પ્રફુલ્લિત પુષ્પગૃહો જાણે કામદેવના યંત્રના આયુધો હોય તેમ શોભતા હતા. ત્યાં મુક્તાફળના સ્વસ્તિકો ( સાથિયાઓ ) માં શોભતી કસ્તુરીના મિષથી નક્ષત્રોવાળી રાત્રિઓ જાણે કામદેવની સખી હોય તેમ શોભતી હતી. વિશ્વના હર્ષસમુદ્રને વૃદ્ધિ પમાડનારા અને કાળા કમળથી ઢાંકેલા શ્વેત મંગળકળશો ચંદ્રની લીલાને ધારણ કરતા હતા. જાણે તમોગુણ, રજોગુણ અને સત્વગુણની સ્ફુર્તિવાળા મનુષ્યોનાં ચિત્તો લાવીને ખડાં કર્યાં હોય તેવા શ્યામ, રક્ત અને શ્વેત વર્ણવાળા રત્નમય સ્તંભોનાં કિરણોવડે તે મંડપ શોભતો હતો. ચિરાયુ મનુષ્યોના ઉત્કૃષ્ટ પુણ્યોવડે જાણે ખેંચી આણેલો સ્વર્ગનો ભાગ હોય તેવો તે મંડપ શહેરના મંડનરૂપ થયો હતો.

ચોક્કસ કરેલા વખતે તે મંડપમાં ક્ષોભ પામેલા કામદેવ રૂપી સમુદ્રની ગર્જના જેવો મહા ગંભીર તૂર્યનો ધ્વનિ થવા લાગ્યો. તે વખતે તે અખંડ લક્ષ્મી (શોભા) વાળો મંડપ જોવા સારૂ જાણે કૌતુકી હોય તેમ સૂર્ય ઉદયાચળના શિખરનું ભૂષણ થયો ( ઉગ્યો ). પછી દૂતોએ બોલાવેલા સર્વે પૃથ્વીપતિઓ અને રાજકુમારો વસ્ત્રાભૂષણો વડે અલંકૃત થઈને મંડપમાં આવ્યા. રાત્રિએ બનેલી હકીકતથી ઉત્પન્ન થયેલા હર્ષથી દ્વિગુણ કાંતિને ધારણ કરતા સિંહરાજાના પુત્રે પણ મંચરૂપી સિંહાસનને અલંકૃત કર્યું. કૈરવના બંધુ રૂપ સૂર્યના આગમનથી જેમ રાત્રિવિકાસી કમળો પોતાની શોભાની સ્પૃહા મૂકીને મ્લાન થાય, તેમ આ કુમારના આવવાથી કન્યાને વરવાની સ્પૃહામાં નિરાશ થયેલા સર્વે વીરોનાં મુખ મ્લાન થઈ ગયાં.

પછી શૃંગારસુંદરી મિયાનામાં બેસીને પોતાના પ્રાસાદમાંથી નીકળી. તેની પાછળ તેની સખીઓ સુંદર ગીત ગાતી હતી અને આગળ બંદીજનોની સ્ત્રીઓ તેની નિર્મળ સ્તુતિ કરતી ચાલતી હતી. વાંસળી, વીણા વિગેરે વાજિંત્રોને વગાડવામાં કુશળ પુરૂષો તે તે વાજિંત્રોને હૃદયના હર્ષપૂર્વક વગાડીને તેણીના હૃદયને આનંદ આપતા હતા. તેની અપ્રાપ્તિથી દાઝેલાં અને તેથી શ્યામરૂપ ધારણ કરીને આમ તેમ દોડતા યુવાનોનાં ચિત્તોને પુષ્પની માળાને વળગેલા ભમરાઓના મિષથી તે પોતાના હાથવડે નિવારતી હતી.

શરીરપર ધારણ કરેલા કુંકુમના મિષથી હૃદયમાં નહીં સમાવાથી બહાર નીકળેલા સનત્કુમારની રૂપલક્ષ્મીના રાગને ધારણ કરતી હોય તેમ તે શોભતી હતી

1 ચંદ્રના ઉદ્યો—ચંદરવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આભૂષણના ઝણકારાથી જાણે કામદેવને નચાવતી હોય અને પ્રફુલ્લિત નેત્રવિલાસ વડે રતિની હાંસી કરતી હોય તેવી તે લાગતી હતી. લોકોનાં નેત્રરૂપી ચકોર પક્ષીઓ તેના મુખચંદ્રનું પાન કરતા હતા. ' ચિરં જીવ, આજ્ઞા આપો ' એમ બોલતી સખીઓ તેની સેવામાં તત્પર હતી; અને તેની સ્વયંવરમાળા ચંપિકા નામની સખીના હાથમાં હતી. આ પ્રમાણે તે રાજકન્યાએ મંડપમાં પ્રવેશ કર્યો. તે વખતે તેણીને જોઈનેજ ઉત્પન્ન થતા પ્રીતિભાવથી પ્રફુલ્લિત હૃદયવાળા અને અધીરા થયેલા વીરો વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવા લાગ્યા.

કોઈક રસિક રાજાએ તેને પ્રસન્ન કરવા માટે જ હોય તેમ તેના ચરણની કાંતિ સદૃશ ક્રીડાથી પાસે રાખેલા રક્ત કમળને પોતાના મસ્તક પર ધારણ કર્યું. ' આ મુકુટને સ્થાને હું તને રાખીશ ' એમ જાણે તેને કહેતો હોય તેમ કોઈક રાજા ચિરકાળ સુધી મુકુટના મણિને સ્પર્શ કરવા લાગ્યો. તેને મેળવવા માટે કોઈ રાજા તેને સેવનારા નવે ગ્રહોની પૂજા કરતો હોય તેમ ક્રીડાથી હસ્તમાં રાખેલા પુષ્પોને કંકણ ઉપર ધારણ કરતો હતો. કોઈ રાજા પોતે તેને વશ (આધીન) છે, એમ કહેવા માટે જાણે સર્પરૂપી દિવ્ય કરતો હોય તેમ પોતાની પાસે રહેલા મિત્રની વેણીને પોતાના હાથમાં ધારણ કરીને શોભતો હતો. કોઈ રાજા પોતાના પગ પાસે બેઠેલા મિત્રોની સાથે નીચું મુખ રાખીને વાત કરતો હતો, તેથી પોતાનો મુકુટ નમવાને લીધે જાણે તેના સામ૧ બોધમાં પ્રવેશ કરતો હોય તેમ દેખાતો હતો. બીજો કોઈ વીર તેને જોઈને જાણે હૃદયમાં કામના બાણવડે અત્યંત હણાયો હોય તેમ પોતાનું મસ્તક કંપાવતો હતો. કોઈક વીર તે પોતાને યોગ્ય નથી ( પોતાને મળવાની નથી ) એમ માનીને જાણે નીચું મુખ રાખીને નિઃશ્વાસ નાંખતો હોય તેમ પુષ્પમાળાની રજથી વ્યાપ્ત એવા પોતાના હૃદયપર ( તે રજને દૂર કરવા માટે ) નિઃશ્વાસ મૂકવાવડે મુખનો વાયુ નાંખતો હતો. કોઈ રાજા ' તારૂં મુખ ચંદ્રની જેવું સુંદર છે ' એમ જાણે તેને જણાવતો હોય તેમ ક્રીડાને માટે રાખેલા કમળની પાંખડીઓને મુષ્ટિવડે નિમિલિત ( ભેગી ) કરતો હતો. તેના અંગપર દૃષ્ટિ નાંખવાથી પુલકિત થયેલો કોઈ રાજા નખના અંકુરવડે સુવર્ણ કેતકીનાં પાંદડાંને આળેખતો હોય તેમ જણાતો હતો. કોઈ રાજા તેના દર્શનથી પોતાને ઉત્પન્ન થયેલા સ્વેદબિંદુના સમૂહ જોઈને હૃદયમાં હસતા પોતાના મિત્રોને અરે ! આ તો જનસમૂહની ભીડથી મને ઘર્મ (ધામ) થયો છે એમ કહેતો હતો, અને કોઈ રાજા તે મૃગાક્ષીને જોવાથી તરતજ હૃદયમાં કામદેવે નાંખેલા બાણને જાણે જોતો હોય તેમ પોતાના હૃદયપર દૃષ્ટિ નાંખતો હતો. આ

૧ મિત્રદ્વારા સામભેદ કરતો હોય

For Private And Personal Use Only

પ્રમાણે સર્વે રાજાઓ જુદી જુદી રીતે વિકારને વશ થતા હતા, તે વખતે જયા નામની પ્રતિહારી તે સ્વયંવરા રાજપુત્રીને સ્વયંવરમંડપમાં લાવી.

પછી વાજિત્રોના ધ્વનિનું નિવારણ કરીને ભ્રકુટિવાળી તે જયા પ્રત્યેક રાજાઓને દેખાડતી શૃંગારસુંદરીને કહેવા લાગી કે "નેત્રરૂપી કુમુદને વિકસિત કરવામાં ચંદ્રિકા સમાન હે રાજપુત્રી! તને વશ થયેલા આ સર્વે રાજાઓ અત્રે આવેલા છે, તેમાંથી કોઇને પણ તું ચંદ્રરૂપ કર. હે દેવી! જો, આ શ્રી નાભિપુત્ર (ઋષભ સ્વામી) ના કુળના અંકુરારૂપ **હંસ** નામનો કાશીપુરીનો સ્વામી છે, તેણે પોતાના યશને રાશિ (ઢગલા) રૂપ કર્યો છે, અને આ રાજા દિવસે જગતની સમક્ષ અને રાત્રિએ સ્વપ્નમાં દેવપૂજા કરતાં તથા દાન આપતાં થાકતો નથી; માટે ગતિની શ્રેષ્ઠ સૌંદર્યતાવાળી હે ચપળદેવી! આ રાજાને તું વર, અને ઉછળતા ગંગા નદીના તરંગોમાં તું હંસોની સહચરી (સખીરૂપ) થા." તે સાંભળી શૃંગારસુંદરી ધીમેથી બોલી કે "આ પૂજ્ય (ઋષભ સ્વામી) ના કુળનો હોવાથી પૂજ્યની તુલ્ય છે, તેથી તે નમસ્કાર કરવા યોગ્ય છે." તે સાંભળીને જયા ત્યાંથી આગળ ચાલી, અને બીજા રાજાને બતાવીને બોલી કે "આ યુવાન **જયન્ત** નામનો રાજા અયોધ્યાનો સ્વામી છે. તે બળવાને શત્રુઓનો જય કરેલો છે, રણયાત્રામાં વિહાર કરનાર આ રાજાએ પોતાના યશને પ્રત્યેક દિશાઓમાં નાશી ગયેલા શત્રુઓની અપકીર્તિ રૂપ કસ્તૂરી વડે જેમની શોભા પૂર્ણ થઇ છે એવી દિશાઓના હાર રૂપ કરેલ છે; માટે હે દેવી! તું આને વર. જો તું આની સાથે વિલાસ કરીશ તો તારી રાત્રિઓ સરયૂ નદીને તીરે ઉગેલા વાનીરના[1] વાયુ વડે રમણીય થશે." તે સાંભળીને જો કે તે (રાજા) કામદેવની લક્ષ્મીથી દેદીપ્યમાન અને ઉદય પામતા સૂર્યના જેવો તેજસ્વી હતો તો પણ તેને વિષે વસંત ઋતુમાં માલતી લતાની જેમ તે શૃંગારસુંદરીની આસક્તિ થઇ નહિ. ત્યાર પછી જયા બે ત્રણ પગલાં આગળ ચાલીને તેને ઉદ્દેશીને બોલી કે "આ મોટી લક્ષ્મીવાળો મથુરાનગરીનો સ્વામી પૃથુ નામે પ્રસિદ્ધ રાજા છે. ચિતારાઓ પણ આનું ચિત્ર ચિતરવાને સમર્થ નથી. તેમજ આનું રૂપ મનુષ્યોએ ચિત્તમાં પણ ચિતરવાને શક્ય નથી. વળી આ રાજા પોતાના પ્રતાપ રૂપી સૂર્યથી તાપ પામેલી પૃથ્વીને નિરંતર ચંદનના રસની જેવા પોતાના યશો વડે સિંચે છે. માટે જો ઉછળતી કાલિંદી નદીના જળકણના સમૂહવાળી વૃંદાવનની સુંદર પૃથ્વી ક્રીડાને માટે તને રૂચતી હોય તો તું આને વર." તે વખતે શિબિકાને વહન કરનારા સેવકો તે રાજાનું શોભા રહિત મુખ જોઇને તેને વિષે કન્યાની અનિચ્છા ધારી આગળ ચાલ્યા. ત્યાર પછી જયા બોલી—"હે દેવી! આ વિશ્વનો જય કરનારી વિજયિની નગરીનો

૧ એક જાતનું લીલું ઘાસ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વામી અને સંપત્તિના સ્થાનરૂપ જય નામનો રાજા છે. અહો ! આ રાજા દિગ્વિજય માટે નીકળેલા મોટા સૈન્યના ભારથી ભારવાળી થયેલી પૃથ્વીને મૃણાલના નાળ જેવા કોમળ પોતાના બાહુને વિષે ધારણ કરે છે. માટે હે વરને વરવાની ઇચ્છાવાળી દેવી ! જેણે શત્રુઓને તૃણ સમાન કરી નાંખ્યા છે એવા આ રાજાને તું વર. રત્નાકર ( સમુદ્ર ) રૂપ વસ્ત્રવાળી રત્નગર્ભા (પૃથ્વી) તારી સપત્ની થાઓ." આ પ્રમાણે જયાએ કહ્યાં છતાં તે રાજાની ઉપર રત્નદંડની જેવી નિશ્ચળ નેત્રવાળી શૃંગારસુંદરીને જોઈને તે પુરૂષો શિબિકાને આગળ લઇ ચાલ્યા. આગળ જતાં જયા બોલી—"હે દેવી ! આ ધનુર્વિદ્યાની પંડિતાઈમાં વિશ એવા દર્પક નામના પૃથ્વીપતિને જો. ઉંચા રાખેલા શસ્ત્રવાળા આ રાજાને સ્વપ્નમાં જોઈને શત્રુ રાજાઓ જાગી જાય છે, અને ચિત્રશાળામાં કામદેવનું ચિત્ર જોઈને આ રાજાની ભ્રાંતિથી તેને નમસ્કાર કરે છે. જો એલાયચીના વનવાળી સમુદ્રની વેલાને વિષે અને તામ્રપર્ણી નદીની મુક્તાફળ જેવી ચિકના (રેતી)ને વિષે તને પ્રીતિ હોય તો હે સુંદર નેત્રવાળી ! તું આને વર, અને કર્પૂર મિશ્રિત ચંદનના ગંધ જેવા સુગંધી મલયાચળના વાયુઓ તારા મનને આનંદ પમાડો." આ પ્રમાણે તેણીએ કહ્યાં છતાં પણ તે ચપલાક્ષીનું ઇક્ષણ તેને વિષે સરલ જોઈને જયા કાંઈક આગળ ચાલી, અને વિનય પૂર્વક આ પ્રમાણે બોલી—"હે દેવી ! વિચિત્ર ગુણોવડે ગૌરવતાને પામેલો આ ચિત્રાંગદ નામનો કાશ્મીર દેશનો રાજા કોને આનંદ આપનારો નથી ! આના અન્તઃપુરની સ્ત્રીઓની તો શી શ્લાઘા કરવી ! પરંતુ જે સ્ત્રીઓએ આ મનોહર રાજાનો સ્વપ્નમાં, પ્રતિબિંબિતમાં કે ચિત્રમાં પણ સ્પર્શ કર્યો છે તે સ્ત્રીઓ પણ શ્લાઘા કરવાને યોગ્ય છે. માટે હે ચપલાક્ષી ! તું એને વર. એ રાજા અંતઃપુરની સ્ત્રીઓમાં નિરંતર અભ્યાસ કરેલી ચિત્રવિચિત્ર પીળને તારા કપોલ પર આળેખશે. માટે સરસ્વતીની અર્ચા કરવામાં સત્કવિ સમાન હે દેવી ! પ્રીતિને યોગ્ય એવી આની સ્તુતિને તું નિરંતર કાશ્મીરની કર્ણીકાની જેમ કર્ણને વિષે ધારણ કર." તે સાંભળીને કુમારીએ [illegible] પ્રતિહારીને કહ્યું કે "જેણે પ્રથમ અન્ય સ્ત્રીનું પાણિગ્રહણ કરેલ છે તે તો મારે મન પરપુરૂષજ છે." પછી જેમ સારા સ્વરવાળી વનની ભ્રમરી પુષ્પને [illegible] આગળ ચાલે, તેમ તે જયા બીજા રાજાઓની સ્તુતિ કરતી કરતી આગળ [illegible]; પરં[illegible] સિદ્ધસિન્ધુના નદમાં ( માનસ સરોવરમાં ) ઉત્સુક થયેલી [illegible] જેમ બીજા જળાશયો પાસે ઉભી ન રહે, તેમ સનત્કુમાર પર આસક્ત થયેલી તે કન્યા અન્ય રાજાઓ પાસે ઉભી રહી નહિ. તે જેની જેની પાસે જતી હતી તે તે [illegible] કાંતિને ધારણ કરતા હતા, અને લક્ષ્મીની [illegible] તે જેને જેને મૂકી દેતી હતી તે રાજા મલીન ( શ્યામ ) મુખવાળા [illegible].

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટે તે બાળાએ દૃષ્ટિરૂપ વરમાળાવડે પ્રથમથીજ વરેલા **સનત્કુમાર** પાસે આવીને જયા બોલી—" જંબૂદ્વીપની લક્ષ્મીના ભાળ જેવા આ ભરતખંડમાં શ્રી કાંતા નામની નગરી મુકુટની સમાનતાને ધારણ કરે છે અને તે નગરીમાં કળાઓએ દર્પણરૂપ કરેલો ત્રાસ ( ભય ) રહિત સિંહ નામે રાજા તે મુકુટના માણિક્યની શોભાને પામેલો છે, તે રાજાનો આ સનત્કુમાર નામનો પુત્ર જાણે તેના અંગથી ઉત્પન્ન થયેલા કિરણમાં પ્રકાશ રૂપ હોય તેવો શોભે છે. આ કુમાર યુવાવસ્થામાં અને રૂપમાં તારે યોગ્ય છે. ખરેખર આના [1]સુવૃત્ત નિર્મળ ગુણો તેના હૃદયમાં નહિ સમાવાથી તેના હૃદયની જેવા વિસ્તૃત આકાશમાં તારાઓના મિષથી રહેલા જણાય છે. યુદ્ધમાં શત્રુઓની લક્ષ્મી પદ્મવાસા[2] હોવાથી અનુપમ શોભાવાળું જાણે પદ્મજ હોય તેવા આના વિકસ્વર હસ્તમાં પ્રાપ્ત થાય છે. કળાઓને ગ્રહણ કરવામાં રાગી અને ગુણોને ઉપાર્જન કરવામાં આસક્ત એવો આ કુમાર તેમના ( કળા અને ગુણોના ) ભંગ અને પાતથી ભય પામ્યો હોય તેમ અત્યાર સુધી પરિગ્રહી ( પાણિગ્રહણવાળો ) થયો નથી, માટે હે સુંદરાંગી ! આ કુમારના કંઠમાં વરમાળા આરોપણ કર. યોગ્ય વરને વરવાથી દેવતાઓ પણ તારી સ્તુતિ કરશે. " આ પ્રમાણેનાં જયાનાં વચનો સાંભળીને પ્રફુલ્લિત રોમાંચવાળા અને સ્વેદના બિંદુથી આર્દ્ર એવા શરીરને ધારણ કરતી તે કન્યાએ ગંધિકાએ આપેલી વરમાળા ઉપર પોતાનો કંપાયમાન હસ્તકમળ નાંખીને હર્ષાશ્રુથી વ્યાપ્ત દૃષ્ટિને ધીમે ધીમે તે કુમાર પર નાંખી. તેવામાં તે મંચપર રહેલા બે સનત્કુમારને જોયા. તે જોઇને સર્વે રાજાઓ આશ્ચર્ય પામી વ્યાકુળ થયા, અને તે બન્નેને વારંવાર જોઇને તે કન્યા ' હું કોને વરૂં ' એમ વિચાર કરવા લાગી. તે વખતે "મારી પાસે આ બેઠેલો છે તે ધૂર્ત છે, માટે હે કન્યા ! તું મને વર" એ પ્રમાણે તે બન્નેના મુખમાંથી તુલ્ય વાણી નીકળી. એટલે " જે સત્ય સનત્કુમાર છે, તે મારા હૃદયમાં રહેલો છે, માટે હું મારાજ કંઠમાં આ વરમાળા નાંખીને તેને વરૂં છું. " એ પ્રમાણે ઉંચે સ્વરે સર્વે સભાસદોને સંભળાવીને તે કન્યાએ પોતાના કંઠમાંજ વરમાળા નાંખી. આ પ્રમાણેની તેની બુદ્ધિના વિલાસથી વિલક્ષતાને પામીને તરતજ માયાવી સનત્કુમાર અદૃશ્ય થયો અને સત્ય સનત્કુમાર એકલો રહ્યો. તે વખતે આ ગુણજ્ઞ કન્યા ગુણી વરને વરી; તેથી મત્સર (ઇર્ષ્યા) રહિત થયેલા સર્વે રાજાઓએ માયાવી પુરૂષના પરાજયથી જયજય શબ્દ કર્યો. તેમજ આકાશમાં રહીને સ્વયંવર જોનારા દેવતાઓએ પણ તેની તેવા પ્રકારની ચતુરાઇ જોઇને હર્ષથી તેના મસ્તક પર પુષ્પવૃષ્ટિ કરી.

પછી આનંદ રૂપી માર્ગમાં ચાલનાર અમંદ (ત્વરાવાળા) પથિક રૂપ નાભાક રાજાએ અન્યાનથી નમ્ર રહેલા સર્વે રાજાઓને સાથે રાખીને સનત્કુમાર અને શૃંગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસુંદરીના પ્રફુલ્લિત થયેલા ઉત્સાહરૂપ વિવાહોત્સવ કર્યો. તે ઉત્સવ જોવા માટે જ જાણે ઇન્દ્ર પણ હજાર નેત્રવાળો થયો હોય એમ જણાયું. તે વખતે કલ્પલતાઓ કરીને પારિજાત વૃક્ષની જેમ શૃંગારસુંદરીએ જેના કરપલ્લવનો આશ્રય કર્યો છે એવો સનત્કુમાર અતિશય શોભવા લાગ્યો. પછી કૃતજ્ઞ એવા વાસન્તિપતિએ (નાભાકે) સત્કાર કરેલા સર્વે રાજાઓ વિવાહોત્સવ જોવાથી હર્ષ પામતા સતા પોતપોતાના નગર તરફ ગયા, અને નવા નવા ઉત્સવોથી પ્રસન્ન કરાતા સનત્કુમાર શૃંગાર રસના સાગર રૂપ શ્વસુરગૃહમાં કેટલાક દિવસ રહ્યા. પેલા માયાવી સનત્કુમારને શી રીતે શોભી શકે? એવી ચિંતા રૂપ લાંછનવાળો તે કુમારનો આનંદ ચંદ્રની જેમ દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. ત્યારપછી મહા પ્રયત્ને વાસન્તીશ (નાભાક) ની રજા લઇને તથા તેણે કરેલા ઉદાર સત્કારને ગ્રહણ કરીને સિંહ રાજાનો પુત્ર સનત્કુમાર પ્રિયા સહિત પોતાના નગર તરફ ચાલ્યો.

અનુક્રમે માર્ગનું ઉલ્લંઘન કરતાં કેટલાંક પ્રયાણોએ તે કુમાર સ્વર્ગની જેવા મનોહર નાંદિગ્રામ પાસે આવ્યો. ગામની સમીપે અત્યંત સ્વાદુ જળવાળી નદીને કાંઠે લીલા ઘાસવાળી પૃથ્વીપર તે રાજકુમારના આવાસો ( તંબુઓ ) નાંખવામાં આવ્યાં. ત્યાં નદીના ચપળ કલ્લોલમાં પ્રિયા સહિત સ્નાન કરીને સુંદર કમળનાં ભૂષણો ધારણ કરી સનત્કુમાર પરિવાર સાથે ભોજન કરવા બેઠો. તેવામાં કોઇ સ્થાનેથી વિરસ અને કર્ણકટુક વાદ્યનો શબ્દ સાંભળવામાં આવ્યો. તે સાંભળીને 'આ શું!' એમ બોલતા દુઃખાર્ત થયેલા સ્વજનોએ ભોજનપાત્રનો ત્યાગ કરીને તંબુના પડદા ઉંચા કર્યા એટલે શૃંગારસુંદરી સહિત સનત્કુમારે કોઇ પુરૂષનું ચંદન પુષ્પાદિકથી પૂજેલું એક શબ જોયું, તે શબની ઉપર કસુંબાનું વસ્ત્ર વીંટેલું હતું. અને તેને તેના જ્ઞાતિબંધુઓએ ઉપાડેલું હતું. તેની સાથે તેનો પિતા "હે ગોત્રના સ્તંભરૂપ! હે નેત્રને આનંદ આપનાર! હે પુત્ર! તું કયાં ગયો?" એમ વારંવાર બોલીને શોક કરતો હતો. "પોતાના ગુણોથી ખ્યાતિ પામેલા હે ભાઇ! આ બંધુવર્ગને તજીને તું કેમ જાય છે?" એ પ્રમાણે આક્રન્દ કરતા તેના ભાઇઓ તેની ફરતા ચાલતા હતા. "હે દૈવ! અકસ્માત જ અમારા મનોરથો સહિત આને કેમ લઇ જાય છે?" એ પ્રમાણે ઉંચે સ્વરે પોકાર કરતા સ્વજનો તેની પાછળ ચાલતા હતા. "હવે હું કોને માંગલિક કરીશ? અરે હું હણાઇ ગઇ! હણાઇ ગઇ!" એ પ્રમાણે નેત્રમાં અશ્રુ સહિત તેની બેન વિલાપ કરતી પાછળ ચાલતી હતી. "હે કઠોર હૃદય! તું સહસ્ર પ્રકારે કેમ ફાટી જતું નથી!" એ પ્રમાણે બોલીને રુદન કરતી તેની બંધુઓ પાછળ ચાલતી હતી. "હે પુત્ર! મને જવાબ આપ. હે વત્સ! મને તારૂં મુખ બતાવ." એમ બોલતી તેની માતા વિલાપ કરતી અને વારંવાર મૂર્છા ખાતી તેની પાછળ દોડતી હતી. "આ માણસના મરણથી આ ગામમાંથી રૂપ, લજ્જા, સદ્વાણી, શીલ, સત્ત્વ [illegible] અને એ છ વાનાં પણ નાશ પામ્યાં." એમ કહી ગામના લોકો તેની સ્તુતિ કરતા પાછળ ચાલતા હતા. તથા [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછળી તેની સ્ત્રી સર્વ અલંકાર સજીને અશ્વપર આરૂઢ થઈ દીન જનોને દાન આ પતી આપતી એની પાછળ ચાલતી હતી.

આ પ્રમાણેની સ્થિતિયુક્ત તે શબ થોડે દૂર ગયું, તેવામાં તેની પાછળ એક પુરૂષ કેટલાક માણસો સહિત જતો નજરે પડ્યો. તેને શોક ઉત્પન્ન થયેલો જણાતો નહોતો, અને તેની આકૃતિ, ગતિ તથા અંતઃકરણ શાંત હતાં. તે પોતાની સાથેના માણસો સાથે વાત કરતો કરતો પૂછતો હતો કે ' આ પુરૂષ મૃત્યુ પામે તેવો રોગ જરા પણ છે નહિ છતાં આ કેમ થયું ? " તે સાંભળીને સનત્કુમારે પોતેજ તેને બોલાવીને પૂછ્યું કે " તમે આ ગામનાજ રહીશ છો, છતાં પાછળ કેમ રહ્યા છો ? અને તમારા મુખપર શોક કેમ જણાતો નથી ? વળી ' એને મૃત્યુનો રોગ નથી ' એમ સાથેના માણસો પાસે તમે કેમ બોલો છો ? " તે સાંભળીને જરૂર આ ગુણોથી સ્તુત્ય એવો કોઈ રાજપુત્ર હોવો જોઈએ, માટે આની સાથે અર્હતના ભક્તોએ ( શ્રાવકોએ ) વાત કરવી યોગ્ય છે; એમ ધારીને તે બોલ્યો કે " હે દેવ ! તમારી આકૃતિથીજ તમારૂં કુળ ઉચ્ચ જણાય છે, અને તમારી કુશળતા આ વૃત્તાંતના પ્રશ્નથી સાક્ષાત્ જણાઈ આવે છે. તેથી હે સ્વામી ! તમે વાત કરવાનું અનુપમ સ્થાન છો, માટે હે વિદ્વાન ! મારૂં વિચારરૂપ કવચવાળું વચન સાંભળો." અપૂર્ણ.

## વર્તમાન સ્થિતિને અંગે થતો અસહ્ય ખેદ.

હાલમાં પત્રોમાં, માસિકોમાં તેમજ છુટા પેમ્ફલેટોમાં આવતા નિંદાથી ભરેલા તેમજ અશ્લીલ શબ્દોવાળા લેખો વાંચી અસહ્ય ખેદ ઉત્પન્ન થાય છે. જૈનશાસનની અંદર ગણાતા પૂજ્ય મુનિમહારાજાઓ અને તેમાં પણ વિદ્વાનની પંક્તિમાં મૂકવા લાયક પદવીધર મુનિઓના તેમજ અન્ય ચારિત્રપાત્ર મુનિઓના સંબંધમાં કોઈ પણ પ્રકારના ઢંગધડા વગરના તેમજ હૃદયની વરાળ અવળે રસ્તે બહાર કાઢવારૂપ લખાણોએ જૈન શાસનની ઘણીજ ઉહાહ કરાવી છે. જ્યાંત્યાં જ્યાંત્યાં અન્ય દર્શનીઓ તેમજ જૈન તરીકે ગણાતા સ્પર્ધાવાળા દિગંબર ભાઈઓ અને સ્થાનકવાસીઓ એવા લખાણો વાંચે છે, વંચાવે છે અને પછી મનગમતા ઉદ્ગારો કાઢે છે. આવા લેખકોને કેવો કર્મબંધ થતો હશે તે તો જ્ઞાની મહારાજ જાણે, અથવા તેનાં વચનોને અનુસારે વિદ્વાન મુનિ મહારાજાઓ જાણે. પરંતુ અમને તો તેવા લખાણોથી પારાવાર નુકશાન દૃષ્ટિગત થાય છે. આથી સંઘની સ્થિતિ નિર્બળ થાય છે અને કુસંપ વૃદ્ધિ પામે છે. મુનિ મુનિ વચ્ચે કુસંપ ! શ્રાવક શ્રાવક વચ્ચે કુસંપ ! સંઘ સંઘ વચ્ચે કુસંપ ! આ શું ! આ તો અસંભાવ્ય હકીકત બનવે છે. પાંચમો આરો, કળિકાળ કે હુંડા અવસર્પિણી પોતાનું પરાક્રમ ફોરવી એને પોતાની અસરવાળા કરતો હોય તેમ જણાય છે. આમાં ન્યારા કોણ અને ભેળવાયેલા કોણ એ શોધવું મુશ્કેલ થઈ પડ્યું છે. હવે તો હે શાસનાધિષ્ઠાયક દેવો ! આ સર્વ ઉપદ્રવની શાંતિ કરો ! એટલી અમારી નમ્ર અંતઃકરણની પ્રબળ પ્રાર્થના છે.

For Private And Personal Use Only